# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER



આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો



Year : 16 | Issue : 232 | Dt. 03-10-2026 | Page : 08 | Price : Rs 3 | RNI No. GUJGUJ/2009/30906 RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# ગુજરાતમાં UCC મંજુર

## રાષ્ટ્રપતિની મંજૂરી, સંપત્તિ-વારસાઈમાં હવે મહિલાઓને સમાન હક



નવી દિલ્હી, તા ર

ગુજરાત સરકારે વિધાનસભામાં પાસ કરેલા ગઈઈ બિલને આખરે રાજ્યપાલ બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ મંજૂરી આપી દેતા તેણે કાયદાનો સ્વરૂપ ધારણ કર્યો છે. રાજ્યમાં UCCના કાયદાનો ગેજેટ સાથે જ અમલ શરૂ થઈ જશે. આ સાથે હવે સંપત્તિ વારસાઈમાં મહિલાઓને સમાન હક મળશે.

ગુજરાતની વિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કોડને લગતા બિલને મંજૂરી મળી ગયા બાદ રાજ્યપાલ પછી રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના હસ્તાક્ષર સાથે હવે ગઈઈ કાયદો બની ગયો છે. રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની આખરી મંજૂરી મળ્યા બાદ ગુજરાત સરકારે 'ધી ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ, ૨૦૨૬' (Gujarat Uniform Civil Code, ૨૦૨૬) અંગેનું સત્તાવાર ગેઝેટ પ્રસિદ્ધ કરી દીધું છે. આ નવો કાયદો સમગ્ર ગુજરાત રાજ્યમાં તેમજ રાજ્ય બહાર રહેતા ગુજરાતના રહીશોને લાગુ પડશે. મુખ્ય કાયદાકીય જોગવાઈઓ અને મહત્વના મુદ્દાઓ જોઈએ તો, બંધારણની કલમ ૩૬૬(૨૫) અને ૩૪૨ હેઠળ આવતા અનુસૂચિત જનજાતિ (ST) ના સભ્યો તથા બંધારણના ભાગ-૨૧ હેઠળ રક્ષિત પરંપરાગત અધિકારો ધરાવતા જૂથોને આ કાયદાની જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવી છે.લગ્ન અને છૂટાછેડાનું ફરજિયાત રજીસ્ટ્રેશન અંતર્ગત લગ્ન સમયે યુવકની ઉંમર ૨૧ વર્ષ અને યુવતીની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ હોવી અનિવાર્ય છે.કાયદો અમલમાં આવ્યા બાદ થતા તમામ લગ્નોનું ૬૦ દિવસની અંદર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે. જો નિયત સમયમાં નોંધણી નહીં કરાવાય તો દંડની જોગવાઈ રાખવામાં આવી છે.આ કાયદાથી તમામ ધર્મોની પરંપરાગત લગ્નવિધિઓ (જેમ કે સપ્તપદી, નિકાહ, આશીર્વાદ, આણંદ કારજ વગેરે) પર કોઈ રોક નથી.જીવિત જીવનસાથી હોય ત્યાં સુધી બીજા લગ્ન કરી શકાશે નહીં.

લિવ-ઈન રિલેશનશિપ માટે કડક નિયમોમાં લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા કે રહેવા માંગતા યુગલોએ રજિસ્ટ્રાર સમક્ષ સંયુક્ત નિવેદન આપીને નોંધણી કરાવવી પડશે.જો લિવ-ઈન સંબંધોનો અંત આવે, તો તેની જાણ પણ રજિસ્ટ્રારને સંયુક્ત કે એકતરફી સ્ટેટમેન્ટ આપીને કરવાની રહેશે.કોઈ વ્યક્તિ વસિયતનામું (Will) કર્યા વગર અવસાન પામે (Intestate), તો તેની મિલકતમાં પત્ની/પતિ, સંતાનો અને માતા-પિતાને કાયદાકીય રીતે સમાન હિસ્સો મળશે.લગ્ન બહાર, સરોગસી કે દત્તક લીધેલા બાળકોને પણ જૈવિક બાળકોની જેમ જ કાયદાકીય અને વારસાહક સંબંધિત તમામ અધિકારો આપવામાં આવ્યા છે.

### વિવાદ નિવારણ અને કોર્ટ કાર્યવાહી

છૂટાછેડા કે લગ્ન સંબંધિત વિવાદો માટે કોર્ટમાં જતાં પહેલાં પ્રિ-લિટિગેશન મેડિએશન (મધ્યસ્થતા)નો વિકલ્પ આપવામાં આવ્યો છે. લગ્ન નોંધણી વગર નોકરી કે સરકારી દસ્તાવેજોમાં વૈવાહિક સ્થિતિ (Marital Status) બદલી શકાશે નહીં.

નાપાકની પોલ ખોલતી સેના

# એન્કાઉન્ટરમાં ઠાર કરેલા આતંકીને જીવિત બતાવ્યો!

## પાકિસ્તાને હમશકલ રજૂ કર્યો; રક્ષા નિષ્ણાતોએ શારીરિક તફાવતો દર્શાવી દાવાની પોલ ખોલી




નવી દિલ્હી, તા.૨

જમ્મુ-કાશ્મીરમાં ઠાર મરાયેલા લશ્કરના આતંકીને જીવતો બતાવવા પાકિસ્તાને હમશકલ રજૂ કર્યો; OSINT અને રક્ષા નિષ્ણાતોએ શારીરિક તફાવતો દર્શાવી દાવાની પોલ ખોલી.

ભારતીય સેનાએ જમ્મુ-કાશ્મીરના બડગામ જિલ્લામાં થયેલા એક એન્કાઉન્ટર દરમિયાન લશ્કર-એ-તૈયબાના કમાન્ડર અને પાકિસ્તાનના પૂર્વ SSG કમાન્ડો મોહમ્મદ આસિફ (ઉર્ફે હાશિમ મૂસા) ને ઠાર કર્યો હતો. પરંતુ, ભારતના આ દાવાને પડકારવા પાકિસ્તાને બીજે જ દિવસે DG ISPR લેફ્ટનન્ટ જનરલ અહમદ શરીફ ચૌધરી મારફતે પ્રેસ કોન્ફરન્સમાં એક હમશકલ (નકલી) વ્યક્તિને રજૂ કર્યો હતો. આ વ્યક્તિએ પોતે અસલી આસિફ હોવાનો અને ૨૦૨૩માં સેનામાંથી નિવૃત્ત થયો હોવાનો તેમજ પોતે જીવતો હોવાનો દાવો કર્યો હતો.

જોકે, પાકિસ્તાનનો આ નાપાક પ્રોપેગેન્ડા લાંબો સમય ટકી શક્યો નહીં. સ્વતંત્ર OSINT એકાઉન્ટ્સ, રક્ષા નિષ્ણાતો અને ભારતીય સેનાના પૂર્વ અધિકારીઓએ મૂસાની જૂની તસવીરો સાથે સરખામણી કરીને સાબિત કરી દીધું કે રજૂ કરાયેલ વ્યક્તિ નકલી છે. વિશ્લેષકોએ બંનેના કાન, નાકનો આકાર અને આંખોની બનાવટમાં રહેલો સ્પષ્ટ તફાવત ઉજાગર કર્યો હતો. મેજર જનરલ (નિવૃત્ત) હર્ષા કાકરે પણ પાકિસ્તાનની આ હરકતની પોલ ખોલતા ટ્વીટ કર્યું હતું કે પાકિસ્તાને જાણીજોઈને સત્ય છુપાવવા નકલી વ્યક્તિ ઊભો કર્યો છે.

ઉપ પ્રમુખ જેડી વેન્સના નિવેદનથી ભારતીયોમાં ફફડાટ!

# USમાં H-1B વિઝા કાયમ માટે બંધ?



નવી દિલ્હી, તા.૨

અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સે H-1B વિઝા પ્રોગ્રામને 'ભાંગી પડેલો' ગણાવી તેને સંપૂર્ણપણે નાબૂદ કરવાની હિમાયત કરી છે. તેમણે અમેરિકન કંપનીઓ પર સસ્તા વિદેશી શ્રમિકોને રાખી સ્થાનિક નોકરીઓ છીનવી લેવાનો આરોપ લગાવ્યો છે. આ વિઝાનો સૌથી વધુ લાભ ભારતીયોને મળતો હોવાથી, આ નિર્ણયની ભારતીય વ્યાવસાયિકો પર મોટી અસર થશે. ટ્રમ્પ પ્રશાસનની ૧,૦૦,૦૦૦ ડોલરની ફી કોર્ટે રોકી દીધી છે. JD Vance H-1B visa: અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ દ્વારા ઈ-૧ઈ વિઝા પ્રોગ્રામ અંગે મોટું નિવેદન આપવામાં આવ્યું છે. તેમણે આ પ્રોગ્રામને સંપૂર્ણપણે 'બ્રોકન' એટલે કે ભાંગી પડેલો ગણાવ્યો છે અને જણાવ્યું છે કે, 'હું તેને સંપૂર્ણપણે નાબૂદ કરવાના પક્ષમાં છું.' તેમનો આરોપ છે કે અમેરિકન કંપનીઓ આ સિસ્ટમનો દુરુપયોગ કરીને સ્થાનિક અમેરિકન કર્મચારીઓની જગ્યાએ સસ્તા વિદેશી શ્રમિકોને કામ પર રાખી રહી છે.

એક ઈન્ટરવ્યૂ દરમિયાન જેડી વેન્સ સ્પષ્ટ કર્યું કે, 'હાઈ સ્કીલ્સ ધરાવતા વિદેશી વ્યાવસાયિકોને લાવવા અને શ્રમ ખર્ચ ઘટાડવા માટે આ વિઝાનો દુરુપયોગ કરવામાં ઘણો તફાવત છે.' તેમણે ઉદાહરણ આપતાં કહ્યું કે, 'જો કોઈ અમેરિકન એકાઉન્ટન્ટને બદલે ૪૫,૦૦૦ ડોલરમાં કોઈ વિદેશી એકાઉન્ટન્ટને લાવવામાં આવે, તો તે કોઈ જીનિયસને લાવવા જેવું નથી, પરંતુ અમેરિકન નોકરીઓનો નાશ કરવા સમાન છે. ટેક્નોલોજી કંપનીઓ ઉપરાંત એકાઉન્ટિંગ ફર્મો પણ આ સિસ્ટમનો ગેરલાભ ઉઠાવી રહી છે.'

આ વિઝાના દુરુપયોગને રોકવા માટે ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા નવી વિઝા ફી ૧,૦૦,૦૦૦ ડોલર કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. આ પાછળનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો હતો કે જે કંપનીઓ ખરેખર જરૂર હોય તેઓ જ આ પ્રોગ્રામનો ઉપયોગ કરે. જોકે, આ ભારે ભરખમ ફી સામે સતત કાનૂની પડકારો સામે આવી રહ્યા છે.

ટ્રમ્પ પ્રશાસનના આ નિર્ણય સામે યુનિયનો, એમ્પ્લોયરો અને બિન-નફાકારક સંસ્થાઓ દ્વારા કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ મામલે ઓકલેન્ડ, કેલિફોર્નિયાના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ હેવુડ ગિલિયમે જરૂરી નિયમ બનાવવાની પ્રક્રિયાનું પાલન ન કરવા બદલ આ નવા ૧,૦૦,૦૦૦ ડોલરના ફી હુકમ પર રોક લગાવી દીધી છે. આ અગાઉ ૧ ઑક્ટોબરે પણ એક ફેડરલ મેજિસ્ટ્રેટ દ્વારા આ ફી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

### ભારતીય વ્યાવસાયિકો પર તેની અસર

H-1B વિઝા પ્રોગ્રામના સૌથી મોટા લાભાર્થીઓમાં ભારતીય નાગરિકો મોટી સંખ્યામાં સામેલ છે. આ સ્થિતિમાં, આ પ્રોગ્રામમાં થતાં કોઈપણ મોટા ફેરફારો અથવા કાનૂની કાર્યવાહી અમેરિકામાં રોજગાર મેળવવા કે પોતાની કારકિર્દી આગળ વધારવા ઈચ્છતા ભારતીય ટેક્નોલોજી અને એન્જિનિયરિંગ વ્યાવસાયિકો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

# દોષિતોએ ભારે કિંમત ચૂકવવી પડશે

## ફ્લાયદુબઈની ઘટના બાદ ઈઝરાયલી PM નેતન્યાહૂનો એક્શન ઓર્ડર






નવી દિલ્હી, તા.૨

ફ્લાયદુબઈ કોકપિટ ઘટના પર ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ એક્શન ઓર્ડર આપતા કહ્યું છે કે જે લોકો પણ આ ઘટના પાછળ છે, તેમણે તેની ભારે કિંમત ચૂકવવી પડશે. તપાસકર્તાઓનું માનવું છે કે ફ્લાયદુબઈ કોકપિટ ઘટનાના હુમલાખોરમાં ઈસ્લામિક કટ્ટરપંથની ભાવના આવી ગઈ હતી. તેનો ઈરાદો મુસાફરો સહિત વિમાનને ક્રેશ કરવાનો હતો. નેતન્યાહૂએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી એક વીડિયો જાહેર કર્યો છે.

જેમ-જેમ સમય વીતી રહ્યો છે, તેમ-તેમ ચિત્ર સ્પષ્ટ થતું જઈ રહ્યું છે. યાનીવ અને તેના બહાદુર મિત્રોએ ૧૧ સપ્ટેમ્બર જેવી મોટી તબાહીને રોકી છે. હુમલાખોર ઈસ્લામિક કટ્ટરપંથથી પ્રભાવિત હતો. તે મુસાફરો સાથે વિમાનને ક્રેશ કરવા આવ્યો હતો. અમે હવે એ વાતની તપાસ કરી રહ્યા છીએ કે શું તેને મોકલવામાં આવ્યો હતો. જેણે પણ તેને મોકલ્યો છે, તેણે ભારે કિંમત ચૂકવવી પડશે.

આ પહેલાં યુએઈના પ્રેસિડેન્ટ એડવાઈઝર અન્વર ગર્ગશે બુધવારે થયેલી આ દુર્ઘટનાના પ્રયાસને આતંકવાદી કૃત્ય ગણાવ્યું હતું. આ પહેલીવાર હતું જ્યારે આ ઘટનાને લઈને કોઈ પણ પ્રકારે આતંકવાદી જોડાણ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. આ સિવાય કેપ્ટન સ્મિત મછારની પ્રશંસા કરતા ગર્ગશે કહ્યું કે પાયલટે એક સંભવિત મોટી દુર્ઘટના રોકીને સાહસ અને જવાબદારીનો સાચો અર્થ બતાવ્યો છે. આ સિવાય તેમણે અટકળો અને કાવતરાની થીયરીઓથી બચવાની પણ સલાહ આપી.

બીજી તરફ ઇઝરાયેલના સંરક્ષણ મંત્રી કાત્ઝે આ ઘટનાને જિહાદી હુમલાનો પ્રયાસ ગણાવ્યો હતો. વળી, બેન્જામિન નેતન્યાહૂએ આ ઘટનાના તુરંત બાદ કહ્યું હતું કે તપાસકર્તાઓ એ વાતની પણ તપાસ કરી રહ્યા છે કે શું આ હુમલામાં ઈરાનનો કોઈ હાથ હતો. પરંતુ તેમણે એ પણ કહ્યું હતું કે અત્યારે કોઈ પણ તારણ પર પહોંચવું ખૂબ જ ઉતાવળિયું ગણાશે.

યુએઈથી ઈઝરાયલના તેલ અવીવ જઈ રહેલી બોઈંગ ૭૩૭ ખઅડ ૮ ફ્લાઈટમાં ઉડાન ભર્યાના અંદાજે ૨.૫ કલાક બાદ આ ગંભીર ઘટના બની હતી. કોપાયલટે (ઓમાની નાગરિક) અચાનક ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર પર હુમલો કર્યો હતો. જેના કારણે વિમાન ૩૩,૦૦૦ ફૂટની ઊંચાઈથી માત્ર ૧ મિનિટમાં ૧૭,૦૦૦ ફૂટ પર આવી ગયું હતું. કોકપિટમાંથી કટોકટીના સંકેત માટે ૭૭૦૦ અને હાઈજેકિંગ માટે ૭૫૦૦ જેવા કોડ મોકલવામાં આવ્યા હતા. લોહીથી લથબથ હોવા છતાં કેપ્ટન સ્મિત મચ્છરે દરવાજો ખોલતા મુસાફરો અને ટ્રેઈની ક્રૂ સભ્યોએ હસ્તક્ષેપ કરીને કોપાયલટને કાબૂમાં લીધો હતો અને વિમાનનું સાઉદી અરેબિયાના તબુકમાં સુરક્ષિત પરંતુ ઈમરજન્સી લેન્ડિંગ કરાવાયું હતું.

હનુમાનજીએ મને બચાવ્યો ન હોત તો ૧૭૪ મુસાફરોના જીવ ગયા હોત!

# પાઈલટ સ્મિત મચ્છર સાથે વાત કરતા PM

## ફ્લાયદુબઈના ૧૭૪ મુસાફરોના જીવ બચાવનાર કેપ્ટન સ્મિતે વડાપ્રધાનને પોતાના આદર્શ ગણાવ્યા; કોકપિટમાં થયેલા ભયાનક સંઘર્ષ અને હનુમાન ચાલીસાના પાઠનો અનુભવ વર્ણવ્યો





નવી દિલ્હી, તા.૨

ફ્લાયદુબઈની ફ્લાઈટમાં ૧૭૪ મુસાફરોના જીવ બચાવનાર બહાદુર ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફોન પર વાતચીત કરી તેમના ખબર-અંતર પૂછ્યા હતા. વાતચીત દરમિયાન કેપ્ટન સ્મિતે ફ્લાઈટમાં બનેલી તે ભયાનક ઘટનાનો ક્ષણે-ક્ષણનો અનુભવ વર્ણવ્યો હતો. વડાપ્રધાન મોદીએ કેપ્ટન સ્મિતને હિંમત આપતા કહ્યું હતું કે, ''તમે અદભુત કામ કર્યું છે અને દરેકનો જીવ બચાવ્યો છે. હું સાઉદી અરેબિયા અને યુએઈની સરકારોનો આભાર માનું છું કે તેમણે તમારી સંભાળ રાખી. હું તમને ખાતરી આપું છું કે જ્યારે પણ તમને મારી જરૂર પડશે, ત્યારે હું માત્ર એક ફોન કોલ દૂર હોઈશ''. વધુમાં વડાપ્રધાન મોદીએ ગુરુવારે પાયલોટની પત્ની અને માતા-પિતા સાથે પણ વાત કરી હતી અને તેમને ખાતરી આપી હતી કે મચ્છર અને તેમના પરિવારને ભારતીય મિશન તરફથી સંપૂર્ણ સહાય મળશે.

ફોન પર વાતચીત દરમિયાન કેપ્ટન સ્મિત મચ્છર ભાવુક થઈ ગયા હતા અને વડાપ્રધાન મોદીને પોતાના સૌથી મોટા આદર્શ ગણાવ્યા હતા. સ્મિતે કહ્યું, ''હું મારો પોતાનો જીવ બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો. તે ક્ષણે મને અહેસાસ થયો કે જો મેં હિંમત ન બતાવી હોત, તો ૧૭૦ મુસાફરોના જીવ ગુમાવવા પડ્યા હોત''. પોતાની આપવીતી જણાવતા તેમણે કહ્યું, ''જ્યારે પણ હું મુશ્કેલીમાં હોઉં છું, ત્યારે હું હનુમાન ચાલીસાનો પાઠ કરું છું. તે સમયે પણ, હું સતત હનુમાન ચાલીસાનો પાઠ કરતો રહ્યો. આજે, તમારા તરફથી આવેલા આ ફોન કોલને કારણે મને ખરેખર ગર્વ અનુભવાય છે''. કોકપિટની ઘટના અંગે તેમણે કહ્યું કે, ''મને ઘણી ઈજાઓ થઈ હતી, પરંતુ મેં મારી જાતને કહ્યું કે મારે ઊભા થઈને કંઈક કરવું પડશે. તે ક્ષણે, મેં કોકપિટનો દરવાજો ખોલવા માટે મારી જાતને પ્રોત્સાહિત કરી''.

આ સમગ્ર જીવલેણ ઘટના ત્યારે બની જ્યારે દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટ (FZ1073) સામાન્ય રીતે ઉડી રહી હતી. અચાનક કોકપિટની અંદર એક અણધાર્યું સંકટ ઊભું થયું, જ્યારે સહ-પાયલોટે (કો-પાયલોટ) દૂષિત ઈરાદા સાથે વિમાનના નિયંત્રણોમાં ખલેલ પહોંચાડીને તેને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો. જેના કારણે વિમાન સેકન્ડોમાં હજારો ફૂટ નીચે પડવા લાગ્યું હતું. ખતરો પારખીને, મુખ્ય પાયલોટ (પાયલોટ-ઈન-કમાન્ડ) કેપ્ટન સ્મિત મચ્છરે દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો, જેનાથી કોકપિટની અંદર બંને વચ્ચે ભારે સંઘર્ષ થયો હતો અને અંતે સ્મિતે વિમાન પર કાબુ મેળવી સૌના જીવ બચાવ્યા હતા.

અગાઉ, યુએઈ સ્થિત ભારતીય રાજદૂતે અબુધાબીની હોસ્પિટલમાં જઈને પાયલટના ખબર-અંતર પૂછ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સ્મિત મચ્છર ઝડપથી સાજા થઈ રહ્યા છે અને હસીને વાતો કરે છે. કેપ્ટનના પરિવારે પણ હોસ્પિટલમાં જઈ તેમની સાથે વાત કર્યા બાદ રાહત અનુભવી હતી. ઉલ્લેખનીય છે કે તેમને સાઉદી અરેબિયાથી એરલિફ્ટ કરી અબુધાબી લાવવામાં આવ્યા હતા. દેશભરમાં તેમના ઝડપી સ્વસ્થ થવા માટે વિશેષ પ્રાર્થનાઓ પણ કરવામાં આવી હતી. ભારત હવે તેમનું સ્વાગત કરવા માટે ઉત્સુક છે.

### મૃતકોની લાશો બદલાવી નાખ્યાના લોચા બાદ સિવિલ તંત્ર હરકતમાં

# મૃતકના હાથમાં નામ સાથેનો બેલ્ટ બંધાશે

## મેડિકલ ઓફિસરની હાજરીમાં જ લાશ સોંપવાનો તબીબી અધિક્ષકનો નિર્ણય : બીમારીથી મૃત્યુ પામેલાના મૃતદેહ માટે અલગથી કોલ્ડરૂમ બનાવવા વિચારણા






રાજકોટ, તા.૨

રાજકોટ સિવિલ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં તાજેતરમાં એક અત્યંત ગંભીર અને સંવેદનશીલ ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં બે મૃતદેહોની અદલાબદલી થઈ ગઈ હતી. આ ગંભીર લાપરવાહીને પગલે સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકે તાકીદે એક બેઠક બોલાવીને ભવિષ્યમાં આવી મોટી ભૂલ ન થાય તે માટે કેટલાક મહત્વના અને કડક આદેશો જારી કર્યા છે.

આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, શહેરના નાનામવા રોડ પર આવેલા રામપાર્કમાં રહેતા ૭૨ વર્ષીય નિવૃત્ત શિક્ષક હસમુખભાઈ શાંતિલાલ ઠાકર પડી જવાના કારણે પગના થાપામાં ફ્રેક્ચર થવાથી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. બે દિવસ પહેલા એટલે કે તા. ૨૮મીએ સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. તેમની દીકરી અમેરિકા રહેતી હોવાથી, તે રાજકોટ પહોંચે ત્યાં સુધી હસમુખભાઈના મૃતદેહને સિવિલ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો હતો. ગઈકાલે સવારે ૧૦ વાગ્યે જ્યારે પરિવારજનો અંતિમયાત્રા કાઢવાની તૈયારી સાથે સિવિલના કોલ્ડ સ્ટોરેજમાં પહોંચ્યા ત્યારે ત્યાં મૃતદેહ ન મળતા ભારે ઉહાપોહ મચી ગયો હતો.

તપાસ કરતા જાણવા મળ્યું કે મૃતદેહની અદલાબદલી થઈ ગઈ છે. વાસ્તવમાં, ચારેક દિવસ પહેલા એક અજાણ્યો વ્યક્તિ બેભાન હાલતમાં સિવિલમાં દાખલ થયો હતો, જેનું પણ તા. ૨૮મીએ મૃત્યુ થયું હતું. પોલીસે મુંબઈ સ્થિત તેના પરિવારને જાણ કરતા બહેન અને દીકરી સહિત પાંચ સભ્યો વિમાનમાર્ગે રાજકોટ આવ્યા હતા. સિવિલના સ્ટાફે ગંભીર ભૂલ કરીને મુંબઈના પરિવારને નિવૃત્ત શિક્ષક હસમુખભાઈનો મૃતદેહ ભૂલથી સોંપી દીધો હતો. મુંબઈનો પરિવાર પણ કોઈ અગમ્ય કારણોસર મૃતદેહ ઓળખી શક્યો નહીં અને બોડી મુંબઈ લઈ જવાને બદલે રાજકોટના રામનાથપરા સ્મશાનગૃહમાં જ અંતિમવિધિ કરી નાખી અને અસ્થિકુંભ લઈને પરત ફર્યા હતા.

આ ગંભીર લાપરવાહીથી સમસમી ગયેલા હસમુખભાઈના પરિવારે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં જવાબદારો સામે કાર્યવાહીની માંગ સાથે અરજી કરતા પોલીસે જાણવા જોગ નોંધ કરી તપાસ હાથ ધરી હતી. આખરે પોલીસની સમજાવટથી મામલો થાળે પડ્યો હતો. અંતિમ સંસ્કાર કરી મુંબઈ ગયેલા પરિવારના એક સ્વજન રાજકોટ આવ્યા હતા અને પ્ર.નગર પોલીસની હાજરીમાં જ મૃતકના પરિવારને અસ્થિ પરત કર્યા હતા, ત્યારબાદ તેમણે પોતાના અસલી સ્વજનની અંતિમક્રિયા કરી હતી. બીજી તરફ, સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા આ ઘટનાની તપાસ માટે એક વિશેષ કમિટીની રચના કરવામાં આવી છે.

### દરેક કોલ્ડ સ્ટોરેજ પર મૃતકનું નામ અને ખાના નંબર

મૃતકો બદલાઈ જવાની ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને સિવિલ અધિક્ષકે બોલાવેલી બેઠકમાં મહત્વના નિયમો બનાવાયા છે. જેમાં નવા નિયમો મુજબ હવેથી બહારથી આવતી બોડીની ઈમરજન્સી વોર્ડમાં ખાસ રજીસ્ટર મૂકીને નોંધ કરવામાં આવશે. મૃતદેહના હાથમાં ફરજિયાત નામ સાથેનો બેલ્ટ બાંધવામાં આવશે. કોલ્ડરૂમ ખાતાના દરેક કોલ્ડ સ્ટોરેજ પર મૃતકનું નામ અને ખાના નંબર દર્શાવવામાં આવશે. શબપરીક્ષણ (PM) માટે કે જાળવણી માટે કોલ્ડ રૂમમાં રાખવામાં આવતા મૃતદેહનું ઓળખ સ્વીકારવા તથા પોલીસ કે સગાને પરત આપતી વખતે ડ્યુટી પરના મેડિકલ ઓફિસરે રૂબરૂ હાજર રહીને ચકાસણી કરીને જ બોડી સ્વીકારવાની કે સોંપવાની રહેશે. પીએમ રૂમ અને કોલ્ડ સ્ટોરેજની સફાઈ અને જાળવણી ચકાસવાની રહેશે. જો આ બાબતે કોઈ પ્રશ્ન ઉદભવે તો ફરજ પરના એસ.આઈ. નો તાત્કાલિક સંપર્ક કરવાનો રહેશે અને જરૂર પડે અધિક્ષક કચેરી ખાતેથી માર્ગદર્શન મેળવવાનું રહેશે. તબીબી અધિક્ષકે આ બાબત અતિ સંવેદનશીલ હોય તેનો અચૂક અમલ કરવા ભલામણ કરી છે. આ ઉપરાંત, બીમારી સબબ મૃત્યુ પામેલા મૃતદેહો માટે અલગથી કોલ્ડરૂમ બનાવવા અંગે પણ વિચારણા કરવામાં આવી રહી છે.

# મેડિકલ માફિયા અને ભેળસેળિયાને નહિ છોડાય

## શહેરમાં ચાલી રહેલી ખાનગી હોસ્પિટલોની મનમાની નહિ ચાલે : રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયા



રાજકોટ, તા.૨

રાજકોટમાં સદ્ભાવના વૃદ્ધાશ્રમ દ્વારા નવી લેબોરેટરીના ઉદઘાટન પ્રસંગે મંત્રીએ ખાનગી હોસ્પિટલોની મનમાની અને ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરતા તત્વો સામે આકરો રોષ વ્યક્ત કર્યો

રાજકોટમાં સદ્ભાવના ટ્રસ્ટ દ્વારા વધુ એક લોકકલ્યાણકારી પગલું ભરવામાં આવ્યું છે. ટ્રસ્ટ દ્વારા આજથી એક અત્યાધુનિક લેબોરેટરીનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે, જ્યાં તદ્દન નજીવા દરે રિપોર્ટ કરી આપવામાં આવશે. આ લેબોરેટરી શરૂ થતાં સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોને મોંઘાદાટ રિપોર્ટ્સ હવે ખૂબ જ સસ્તા દરે ઉપલબ્ધ બનશે. આ સેવાની શરૂઆત થવાથી દર્દીઓને લૂંટતા ખાનગી મેડિકલ માફિયા અને લેભાગુ તત્વોના નેટવર્ક પર સીધો મોટો પ્રહાર થયો છે. આ લેબોરેટરીના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ મેડિકલ માફિયાઓ અને ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારા તત્વો સામે આકરું વલણ અપનાવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજ્યના મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ ખાનગી હોસ્પિટલોની મનમાની, આડોળાઈ અને જોહુકમી સામે ખુલ્લેઆમ પ્રહારો કર્યા હતા. તેમણે કડક શબ્દોમાં જણાવ્યું હતું કે, મેડિકલ ક્ષેત્રે આંગળીના વેઢે ગણાય તેવા કેટલાક બદમાશો દર્દીઓને લૂંટી રહ્યા છે અને તેમને સરકાર સીધા દોર કરી રહી છે. વધુમાં તેમણે માહિતી આપી હતી કે ગત વર્ષે પણ ગેરરીતિ આચરતી ૬ ખાનગી હોસ્પિટલો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવી હતી.

ખાદ્ય પદાર્થોમાં ચાલતી મિલાવટ સામે આક્રોશ વ્યક્ત કરતા મંત્રીએ ભેળસેળિયા વેપારીઓને ખુલ્લી ચેતવણી આપી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા આવા તત્વો સામાન્ય ગુનેગાર નથી, પરંતુ 'અસામાજિક તત્વોથી પણ ઉપરનું વર્ઝન' એટલે કે ખતરનાક માફિયા છે. છેલ્લા ૮ દિવસમાં એક પણ દિવસ એવો નથી ગયો કે સરકારે ભેળસેળિયાઓ પર દરોડા પાડી તવાઈ ન બોલાવી હોય. અગાઉ ખુલ્લેઆમ વેચાતા હાનિકારક એનાલોગ પનીરના વેપાર પર પણ સરકારે સપાટો બોલાવ્યો છે. મંત્રીએ નાગરિકોને પણ જાગૃત બનવા હાકલ કરી હતી કે માત્ર થોડા રૂપિયા બચાવવા માટે બજારમાંથી અતિશય સસ્તી ડેરી પ્રોડક્ટ્સ ન ખરીદે, કારણ કે તેમાં જીવલેણ કેમિકલ હોવાની પૂરી શક્યતા રહે છે.

### સ્વચ્છતાનો અરીસો બતાવનાર જ ભોંઠા ન પડે તો જ નવાઈ!

# મ્યુનિસિપલ કમિશનર VS સફાઈ કામદાર યુનિયન આગેવાન

## કામચોરી કરનાર-ભ્રષ્ટ અધિકારીઓના નામ એલઈડી સ્ક્રીન પર ક્યારે મુકાશે? જનજાગૃતિના ચોપાનીયાનું કરાયું વિતરણ

## શાસક પક્ષ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતનો આરોપ લગાવી યુનિયને જાહેર કર્યો ભ્રષ્ટાચાર નિવારણ હેલ્પલાઈન નંબર ૯૫૭૪૩ ૬૯૨૩૪







### ગંદકી કરનારા લોકોને અસ્વચ્છતાના દૂત તરીકે જાહેર કરવાની મ્યુનિ. કમિશ્નરની ચેતવણી બાદ સફાઈ કામદાર યુનિયને ગાંધી જયંતીના દિવસે ધારાસભ્ય ડો. દર્શિતા શાહના કાર્યાલય પાસે ઢોલ વગાડી કર્યું વિરોધ પ્રદર્શન

રાજકોટ, તા.૨

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરાએ સ્વચ્છતા મુદ્દે આકરું વલણ અપનાવી ગંદકી કરનારા લોકોને 'અસ્વચ્છતાનાં દૂત' જાહેર કરી તેમના નામ અને ફોટા એલઈડી સ્ક્રીન પર દર્શાવવાની જાહેરાત કરી હતી. જોકે, કમિશનરની આ જાહેરાત સામે આજે ગાંધી જયંતિનાં દિવસે સફાઈ કામદાર યુનિયન દ્વારા એક અનોખું અને આક્રમક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. યુનિયનના સભ્યોએ સ્થાનિક ધારાસભ્ય ડો. દર્શિતા શાહના કાર્યાલય બાજુની અને સામેની શેરીમાં જ્યાં કચરાના ઢગલા જોવા મળતા હતા, ત્યાં એકઠા થઈને ઢોલ વગાડી તથા પેમ્પ્લેટનું વિતરણ કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. મ્યુનિસિપલ કમિશનર સામે બાંયો ચઢાવીને કામદાર યુનિયને વેધક સવાલ ઉઠાવ્યો છે કે ભ્રષ્ટ અધિકારીઓ તેમજ કર્મચારીઓનાં નામ એલઈડી સ્ક્રીન પર ક્યારે જાહેર થશે?

કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયાએ મ્યુનિસિપલ કમિશનર અને પાલિકા વહીવટ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, જો જાહેર સ્થળો પર કચરો ફેંકનારા નાગરિકોના નામ એલઈડી સ્ક્રીન ઉપર જાહેર કરવામાં આવતા હોય, તો જે સફાઈ કોન્ટ્રેક્ટરો ભ્રષ્ટાચાર કરે છે, જે વોર્ડના એએસઆઈ તેમજ અધિકારીઓ હપ્તા બાંધીને બેઠા છે અને જે અનેક કામચોર સફાઈ કર્મચારીઓ માત્ર હાજરી પૂરીને જતા રહે છે, તેમના નામ કમિશનર ક્યારે એલઈડી સ્ક્રીન પર જાહેર કરશે?

વધુમાં આરોપ લગાવ્યો હતો કે કમિશનર તુષાર સુમેરા અવારનવાર બુલેટ પર 'રાજા' બનીને શહેરમાં સફાઈ નિરીક્ષણ માટે નીકળે છે અને વેપારીઓને સફાઈ રાખવાની સુફિયાણી સલાહ આપી દંડ વસૂલે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે કાયમી સફાઈ કામદારો સફાઈ કરવા આવતા જ નથી અને માત્ર હાજરી પૂરીને જતા રહે છે, જ્યારે તેમની જગ્યાએ કોન્ટ્રાક્ટ બેઝના કર્મચારીઓને મોકલી દેવામાં આવે છે. આ અંગે કમિશનરને અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા ન હોવાનો આક્ષેપ પણ પારસ બેડીયાએ કર્યો હતો. બપોર પછી મોટા ભાગના કામચોર કર્મચારીઓ કામ કરતા નથી, જેના કારણે શહેરની સફાઈ વ્યવસ્થા ખોરવાય છે.

ભ્રષ્ટાચારને લોકો સમક્ષ લાવવા માટે નગારા વગાડી વિરોધ નોંધાવતા યુનિયને જણાવ્યું કે રાજકોટની જનતા સફાઈ માટે ટેક્સના પૈસા ભરે છે, પરંતુ શાસક પક્ષના નેતાઓ અને સફાઈ કોન્ટ્રેક્ટરો ભેગા મળીને સફાઈના નામે મોટું કૌભાંડ આચરી રહ્યા હોવાનો આક્ષેપ થયો છે. જનતાના પૈસાનો દુરુપયોગ અટકાવવો એ પોતાની ફરજ ગણાવીને યુનિયન દ્વારા એક ખાસ હેલ્પલાઇન નંબર ૯૫૭૪૩ ૬૯૨૩૪ જાહેર કરવામાં આવ્યો છે.

રાજકોટના નાગરિકો આ નંબર પર સંપર્ક કરી પોતાના વોર્ડ અને શેરીમાં કયા સફાઈ કામદારો, એસઆઈ કે સંબંધિતોની ડ્યુટી છે તેની માહિતી મેળવી શકશે. નાગરિકો કોલ કરશે એટલે તેમના વોર્ડના ક્યાં અધિકારી અને કર્મચારી શું ભ્રષ્ટાચાર કરે છે તેની જાણકારી યુનિયન દ્વારા આપવામાં આવશે. આમ, જનતાના સહયોગથી આવા ભ્રષ્ટાચાર અને કામચોરીને ખુલ્લા પાડવાની સીધી ચીમકી સફાઈ કામદાર યુનિયન દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

### દેશમાં અનેકવિધ નીતિગત અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા

# LPG ડિસ્ટ્રિબ્યુટરોના પ્રશ્નો મુદ્દે ફૂંકાયું રણશિંગું

## ૨૯ ઓક્ટોબરે નવી દિલ્હીના જંતર-મંતર ખાતે રાષ્ટ્રીય આંદોલનની તૈયારીઓ

રાજકોટ, તા. ૨

સમગ્ર દેશના LPG ડિસ્ટ્રિબ્યુટરો છેલ્લા લાંબા સમયથી અનેકવિધ નીતિગત અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને સતત વધી રહેલો ઓપરેશનલ ખર્ચ, વર્ષોથી ન વધારાવામાં આવેલું મર્યાદિત કમિશન તેમજ વિવિધ નીતિગત વિસંગતતાઓને કારણે વિતરકોનો વ્યવસાય અત્યંત કફોડી સ્થિતિમાં મુકાઈ ગયો છે. આ તમામ પડતર પ્રશ્નો અને ગંભીર મુદ્દાઓ અંગે ગહન ચર્ચા-વિચારણા કરવા માટે આગામી ૨ ઓક્ટોબરના રોજ રાજકોટ ખાતે રાષ્ટ્રીય કક્ષાની એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટની ઠાકર હોટેલ ખાતે સવારે ૧૦:૦૦ વાગ્યાથી શરૂ થનારી આ બેઠકમાં સમગ્ર દેશ તેમજ ગુજરાતભરમાંથી બહોળી સંખ્યામાં LPG ડિસ્ટ્રિબ્યુટરો અને એસોસિએશનના રાષ્ટ્રીય કક્ષાના હોદ્દેદારો એકત્રિત થઈને ઉકેલ માટેનું રણશિંગું ફૂંકશે.

રાજકોટ ખાતે યોજાનારી આ રાષ્ટ્રીય બેઠકમાં ઈન્ડિયન ઓઇલ (IOCL), ભારત પેટ્રોલીયમ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલીયમ (HPCL)ના રાષ્ટ્રીય કક્ષાના LPG ડિસ્ટ્રિબ્યુટર એસોસિએશનના હોદ્દેદારો અને પ્રતિનિધિઓ વિશેષરૂપે હાજર રહેશે. આ ઉપરાંત ગુજરાત એસોસિએશનના કારોબારી સભ્યો સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાંથી આશરે ૨૦૦થી વધુ ડિસ્ટ્રિબ્યુટરો સ્વયંભૂ ઉપસ્થિત રહી પોતાના પ્રશ્નો અને વ્યવસાયિક મુશ્કેલીઓ રજૂ કરશે. દેશના અન્ય રાજ્યોમાંથી પણ વિતરકો આ મંચ પર ઉપસ્થિત રહી પોતાની વેદના વાચા આપશે. ખાડી યુદ્ધ બાદ




સર્જાયેલી પરિસ્થિતિ અને ત્યારબાદ વધતી જતી મોંઘવારીના કારણે સમગ્ર દેશના LPG ડિસ્ટ્રિબ્યુટરો આર્થિક સંકટમાં ઘેરાયા છે.

મોંઘવારીના પ્રમાણમાં આવક ન વધતાં અને ઓપરેશનલ ખર્ચમાં બેફામ વધારો થતાં વિતરકો માટે પોતાનું ઘર ચલાવવું પણ મુશ્કેલ બની ગયું છે, ત્યારે આ બેઠકના માધ્યમથી સરકાર સુધી પોતાનો બુલંદ અવાજ પહોંચાડવા માટે આક્રમક રણનીતિ ઘડવામાં આવશે. ડિસ્ટ્રિબ્યુટરો દ્વારા સરકાર અને તેલ કંપનીઓ સમક્ષ મુખ્યત્વે ત્રણ મહત્વની માગણીઓ મૂકવામાં આવી રહી છે.

આ સાથે નવા Domestic LPG કનેક્શન અંગે પ્રવર્તતી અસ્પષ્ટતા અને અનિશ્ચિતતા દૂર કરી જ્યાં જરૂર હોય ત્યાં નવી કનેક્શન પ્રક્રિયા તાત્કાલિક પુનઃ શરૂ કરવામાં આવે તેવી સ્પષ્ટ માગ કરવામાં આવી છે. રાજકોટની આ બેઠકમાં એલપીજી ડિસ્ટ્રિબ્યુટર એસોસિએશન (FLDI)ના રાષ્ટ્રીય અધ્યક્ષ બી.એસ. શર્મા, નાયબ અધ્યક્ષ કે.કે. ધનોતિયા, ગુજરાતના પ્રમુખ રાજેન્દ્ર કુમાર રાઠોડ, રાષ્ટ્રીય કારોબારી સભ્ય સુરેશભાઈ પરમાર અને ઝોનલ અધ્યક્ષ કમલસિંગ તોમર સહિતના અગ્રણી હોદ્દેદારો હાજર રહી આગામી આંદોલનની દિશા નક્કી કરશે.

### લડતના મુખ્ય મુદ્દાઓ અને માગણીઓ

૧. **કમિશનમાં તાત્કાલિક ધોરણે વધારો :** વધતા જતા વિતરણ ખર્ચને ધ્યાનમાં રાખીને વહીવટી ચાર્જ તથા હોમ ડિલિવરી ચાર્જમાં તાત્કાલિક રૂ. ૭૫નો વધારો કરવામાં આવે તેમજ ઉય ગજ્ઞદ્દજ્ઞ Studyની ભલામણો મુજબ યોગ્ય સુધારો કરવામાં આવે. વિતરકોના કમિશનમાં છેલ્લા ૪ વર્ષથી કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

૨. **e-KYC માટે રૂ. ૨૩૬નું યોગ્ય વળતર :** OMCS દ્વારા LPG ડિસ્ટ્રિબ્યુટરો મારફતે કરાવવામાં આવતા દરેક e-KYC માટે રૂપિયા ૨૩૬નું વળતર ચૂકવવામાં આવે. કારણ કે વિતરકો દ્વારા ગ્રાહકોના e-KYC પૂર્ણ કરવા માટે મોટો વહીવટી ખર્ચ અને મહેનત કરવામાં આવી રહી છે.

૩. **PNG અંગે યોગ્ય અને સ્પષ્ટ નીતિ :** ગ્રાહકો પર કોઈ એક વિકલ્પ લાદવામાં ન આવે અને તેમને તેમની જરૂરિયાત મુજબ LPGનો વિકલ્પ ઉપલબ્ધ રહે તે જરૂરી છે. નવા Domestic LPG કનેક્શન અંગેની અનિશ્ચિતતા દૂર કરી સ્પષ્ટતા કરવામાં આવે અને જ્યાં જરૂરી હોય ત્યાં નવી કનેક્શન પ્રક્રિયા પુનઃ શરૂ કરવામાં આવે.

# પડધરી આરોગ્ય કેન્દ્રમાં પ્રફુલ પાનસેરીયાની સરપ્રાઈઝ મુલાકાત

### સેવાઓમાં બેદરકારી ચલાવી નહીં લેવાય, માતૃ-બાળ મૃત્યુદર 'ઝીરો' રાખવા આદેશ : રાજકોટ ખાતે ગાંધીજીને અર્પણ કરી પુષ્પાંજલિ



રાજકોટ, તા. ૨

રાજકોટના પડધરી સ્થિત સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ અચાનક આવી પહોંચી સમગ્ર હોસ્પિટલ તંત્રને દોડતું કરી દીધું હતું. હોસ્પિટલમાં મળતી તબીબી સુવિધાઓની વાસ્તવિક સ્થિતિ પારખવા માટે તેમણે વિવિધ વિભાગોનું રૂબરૂ નિરીક્ષણ કરીને સ્થળ પર જ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

પોતાના નિરીક્ષણ દરમિયાન તેમણે ડાયાલિસિસ સેન્ટર, સ્ટોર રૂમ, એક્સ-રે રૂમ, ડ્રેસિંગ રૂમ, નર્સિંગ સ્ટેશન, જનરલ ઓપીડી, કન્સલ્ટિંગ રૂમ તેમજ રસીકરણ વિભાગની મુલાકાત લઈ ઉપલબ્ધ સવલતોની ચકાસણી કરી હતી. ખાસ કરીને સ્ટોર રૂમ અને મેડિસિન વિભાગમાં જરૂરી દવાનો સ્ટોક, વિતરણ પ્રક્રિયા અને દર્દીઓને વિનામૂલ્યે મળતી દવાઓની વ્યવસ્થા અંગે ઝીણવટભરી સમીક્ષા કરી હતી. ડાયાલિસિસ સેન્ટરમાં સારવાર લઈ રહેલા દર્દીઓ અને ઉપકરણોની કાર્યક્ષમતા વિશે પણ તેમણે વિગતવાર વિગતો મેળવી હતી.

હોસ્પિટલના વોર્ડમાં સારવાર હેઠળના દર્દીઓ અને તેમના સગાં-સંબંધીઓ સાથે રૂબરૂ વાતચીત કરીને મંત્રીએ તેમ સ્વાસ્થ્ય પૂછ્યું હતું અને સારવાર અંગેનો ફીડબેક મેળવ્યો હતો. પ્રસૂતિના કિસ્સાઓમાં આરોગ્યકર્મીઓને સંપૂર્ણ ગંભીરતાથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા ટાંકતા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તાલુકામાં માતા અને બાળ મૃત્યુદર શૂન્ય રહેવો જોઈએ. આ ઉપરાંત પડધરી તાલુકાને ટૂંક સમયમાં સંપૂર્ણપણે 'ટીબી મુક્ત' કરવા માટે ચોક્કસ દિશાનિર્દેશો પૂરા પાડ્યા હતા.

મુલાકાત બાદ મંત્રીએ હોસ્પિટલના તબીબો અને આરોગ્ય કર્મચારીઓ સાથે ખાસ સમીક્ષા બેઠક યોજી હતી. જો વિસ્તારમાં કોઈ ચોક્કસ બીમારી કે રોગચાળાના કેસો વધતા જણાશે તો તેને તાત્કાલિક ધોરણે નાથવા માટે સઘન આયોજન કરવા આદેશ આપ્યો હતો. હોસ્પિટલ પરિસરમાં ઉચ્ચ સ્તરની સ્વચ્છતા જાળવવા તેમજ કોઈ પણ આકસ્મિક કે ઈમરજન્સી પરિસ્થિતિ સામે હોસ્પિટલ તંત્ર સતત સજ્જ રહે તે અંગે જરૂરી તાકીદ કરી હતી. આ મુલાકાત દરમિયાન જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી આર. આર. ફૂલમાળી, આરોગ્ય અધિકારી પી. કે. સિંઘ સહિત તબીબો અને સ્થાનિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

### લોકશાહીના મહાપર્વમાં પ્રથમ વખત મતદાન કરનારા યુવાનોની ભાગીદારી વધારવા ચૂંટણી પંચ સક્રિય; ઓક્ટોબર અને નવેમ્બર માસમાં યોજાશે વિશેષ ઝુંબેશ

# અઢાર વર્ષના મતદારો માટે 'મિશન નોંધણી'નો આરંભ

રાજકોટ, તા. ૨

લોકશાહીના મહાપર્વમાં દરેક નાગરિકની ભાગીદારી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે ભારતના ચૂંટણી પંચ દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (જીંઈછ)ની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ રાજકોટ સહિતના વિસ્તારોમાં સતત મતદારયાદી સુધારણા પ્રક્રિયા અંતર્ગત વિશેષ ઝુંબેશનો પ્રારંભ થયો છે. રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં જ તમામ વિધાનસભા મતવિભાગોમાં ૧૮ થી ૧૯ વર્ષના યુવાનો તથા પ્રથમ વખત મતદાન કરવા પાત્ર નાગરિકોને આવરી લેવા માટે મતદાર નોંધણીની કામગીરી સઘન બનાવવામાં આવી છે. આ ખાસ



ઝુંબેશનો મુખ્ય આશય કોઈ પણ પાત્ર નાગરિક નોંધણીથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવાનો છે.

યુવા વર્ગમાં મતદાન પ્રત્યે જાગૃતિ આવે અને તેઓ ઉત્સાહભેર પોતાનું નામ મતદારયાદીમાં નોંધાવે તે માટે શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજો ખાતે 'સ્વીપ' અંતર્ગત વિવિધ પ્રોત્સાહક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, સામાન્ય નાગરિકો અને નોકરિયાત વર્ગ પોતાની અનુકૂળતા મુજબ અરજી કરી શકે તે માટે ઓક્ટોબર અને નવેમ્બર માસના ચાર રવિવારો એટલે કે તા. ૧૧-૧૦-૨૬, ૧૮-૧૦-૨૬, ૨૫-૧૦-૨૬ અને ૦૧-૧૧-૨૬ના રોજ ખાસ ઝુંબેશના દિવસો જાહેર કરાયા છે. આ દિવસો દરમિયાન સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી દરેક મતદાન મથકે ડેઝીગ્રેટેડ ઓફિસર્સ અને બુથ લેવલ અધિકારીઓ ઉપસ્થિત રહીને નવા નામ ઉમેરવા, સુધારા-વધારા કરવા કે વાંધા અરજીઓ સ્વિકારશે, જ્યારે સુપરવાઈઝરો અને ચૂંટણી અધિકારીઓ સ્થાનિક સ્તરે મુલાકાત લઈને સમગ્ર પ્રક્રિયાનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરશે.

# સૌ. યુનિ.નો ગુરુવારે ૬૧મો પદવીદાન સમારોહ

### ૪૨ હજાર વિદ્યાર્થીઓ મેળવશે પદવી : રાજ્યપાલ-શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગા રહેશે ઉપસ્થિતિ

રાજકોટ, તા. ૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આગામી તારીખ ૮ ઓક્ટોબરના રોજ યુનિવર્સિટીના નવનિર્મિત ઓડિટોરિયમ ખાતે ૬૧મા પદવીદાન સમારોહનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. કુલપતિ ડો. ઉત્પલ જોષીના સીધા માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી વહીવટી તંત્ર દ્વારા સમારોહની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ વર્ષ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે અત્યંત ખાસ છે, કારણ કે યુનિવર્સિટી પોતાની સ્થાપનાના ૬૦મા વર્ષ એટલે કે 'હિરક જયંતી'ની ગૌરવપૂર્ણ ઉજવણી કરી રહી છે. ૨૩ મે ૧૯૬૭ના રોજ સ્થાપના થયા બાદથી જ યુનિવર્સિટી દ્વારા અવિરતપણે



પદવીદાન સમારોહ યોજીને લાખો વિદ્યાર્થીઓના ભવિષ્યને દિશા આપવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.

આ ભવ્ય શૈક્ષણિક મહોત્સવમાં રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગા ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે. આ ઉપરાંત, દેશની અગ્રણી સંસ્થા 'જવાહરલાલ નહેરુ સેન્ટર ફોર એડવાન્સ અપ્લાઇડ રિસર્ચ'ના ચેરમેન કે.એસ. નારાયણ પણ આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે હાજરી આપશે. પદવીદાન સમારોહ દરમિયાન યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના કુલ ૪૨ હજાર વિદ્યાર્થીઓને વિધિવત રીતે પદવી એનાયત કરવામાં આવશે. આ સમારોહમાં ઉચ્ચ ગુણાંક મેળવનારા ૧૪૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને રાજ્યપાલ અને શિક્ષણમંત્રીના હસ્તે ગોલ્ડ મેડલ આપીને સન્માનિત કરવામાં આવશે. જેમાં જામનગર મેડિકલ કોલેજની તેજસ્વી વિદ્યાર્થીની કૈયા શાહ સમગ્ર યુનિવર્સિટીમાં વિશિષ્ટ સિદ્ધિ સર કરીને છવાઈ ગઈ છે. કૈયા શાહને સૌથી વધુ ૫ ગોલ્ડ મેડલ અને પ્રાઈઝ એનાયત કરીને બહુમાન કરવામાં આવશે.

### સર્વેશ્વર ચોકમાં ૨૬.૩૫ લાખના ખર્ચે બનશે 'પિંક ટોયલેટ'

# ૨૧ દરખાસ્તો પર લાગશે મંજૂરીની મહોર

### ખેડૂત હાટ' બનાવવાની જગ્યા, સ્પોર્ટ્સ સંકુલના મેન્ટેનન્સની જવાબદારી વધુ ૨ વર્ષ માટે લંબાવવા અંગે લેવાશે નિર્ણય

રાજકોટ, તા. ૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાકીય બોજ ઘટાડવા અને વહીવટી કામગીરીને વધુ સુગમ તથા તર્કસંગત બનાવવાના હેતુથી એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ ૧૯૭૭થી સતત કાર્યરત એવી મ્યુનિસિપલ કોર્ટને આખરે બંધ કરવા માટેની નીતિ વિષયક દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આગામી શનિવારે ચેરમેન પરેશ પીપળીયાના અધ્યક્ષસ્થાને મળનારી સ્થાયી સમિતિની બેઠકના એજન્ડા પર આ મુદ્દો મુખ્ય સ્થાને રહેશે. સ્ટેન્ડિંગ કમિટીની લીલી ઝંડી મળ્યા બાદ સામાન્ય સભાની મંજૂરી મેળવીને રાજ્ય સરકારને આ અંગેની સત્તાવાર આખરી દરખાસ્ત મોકલવામાં આવશે.

મનપાના સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલમાં મોચીબજાર ખાતે સ્થળાંતરિત થઈને ચાલી રહેલી આ મ્યુનિસિપલ કોર્ટમાં હવે માત્ર મનપા પૂરતા જ નહીં પરંતુ અન્ય કેસો પણ ચલાવવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫ના નાણાકીય આંકડાઓ મુજબ, આ કોર્ટના નિભાવ અને વહીવટ પાછળ મહાનગરપાલિકાને વાર્ષિક અંદાજે ₹૧.૧૩ કરોડ જેવો મોટો ખર્ચ ભોગવવો પડે છે. બીજી તરફ, આ કોર્ટ દ્વારા વિવિધ કેસોમાં વસૂલવામાં આવતી દંડની આવક મનપાના ભંડોળમાં આવવાને બદલે સીધી સરકારી ટ્રેઝરી ઓફિસમાં જમા થાય છે. આમ, વાર્ષિક કરોડો રૂપિયાનું આર્થિક ભારણ, સમય જતાં ઘટેલી કેસોની સંખ્યા અને બદલાયેલી




વર્તમાન કાયદાકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મનપા શાસકોએ આ કોર્ટને કાયમી ધોરણે બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

શનિવારે સવારે યોજાનારી સ્ટેન્ડિંગ કમિટીની આ મહત્વની બેઠકમાં મ્યુનિસિપલ કોર્ટ બંધ કરવા ઉપરાંત શહેરના સર્વાંગી વિકાસ, નાગરિક સુવિધાઓ અને આવકના સ્ત્રોત વધારવા અંગેની એકંદર ૨૧ વિવિધ દરખાસ્તો રજૂ કરવામાં આવશે. જેમાં ખાસ કરીને મહિલા સુવિધા અને સુરક્ષાના ભાગરૂપે વોર્ડ નંબર ૭માં આવેલા પ્રખ્યાત સર્વેશ્વર ચોક ખાતે ₹૨૬.૩૫ લાખના અંદાજિત ખર્ચે મોડેલ 'પિંક ટોયલેટ' બનાવવાની યોજનાને મંજૂરી આપવામાં આવશે, જેનાથી શોપિંગ અર્થે આવતી મહિલાઓ અને યુવતીઓને મોટી સગવડ મળશે.

આ ઉપરાંત બેઠકમાં અન્ય કેટલાક પ્રજાલક્ષી નિર્ણયો પણ લેવાશે. જેમાં શહેરમાં જૈવિક અને પ્રાકૃતિક ખેતી કરતા સર્ટિફાઇડ ખેડૂતો પોતાના ઉત્પાદનોનું સીધું વેચાણ કરી શકે તે માટે 'ખેડૂત હાટ' ઊભી કરવા જગ્યા ફાળવવામાં આવશે. રમતગમત પ્રોત્સાહન માટે સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓના મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ વધુ ૨ વર્ષ માટે સોંપવા, લાયબ્રેરી વિભાગ માટે નવા ૨ વાહનો ખરીદવા તેમજ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહની ગ્રાન્ટમાંથી સીસી રોડ સહિતના વિકાસકામોને આખરી મંજૂરી આપવામાં આવશે. સાથે જ, મનપાની તિજોરીને મજબૂત કરવાના આયોજનરૂપે વોર્ડ નંબર ૩માં પે એન્ડ યુઝ સુવિધા અને વોર્ડ નંબર ૧૨માં આવાસ યોજના હેઠળ બનેલી દુકાનોના વેચાણ મારફતે આવક ઊભી કરવા જેવા આર્થિક મુદ્દાઓ પર શાસકો અંતિમ આખરી નિર્ણય લેશે.

# શંકાસ્પદ ઓપરેશન

## દબાણ દૂર કરવાની કાર્યવાહીમાંથી રાજકોટના મોટા માથા છટકી રહ્યા છે



રાજકોટના મહત્ત્વના ગણાતા ૧૫૦ ફટ રીંગ રોડ પર મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસે અચાનક સંયુક્ત દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરીને સાયકલ ટ્રેક પર પાર્ક કરેલી નાની લારીઓ અને વાહનો જપ્ત કરવાની કામગીરી કરી હતી. આ ઘટના જોઈને શહેરીજનોના મનમાં અનેક પ્રશ્નો ઉદ્ભવી રહ્યા છે. શું આ ઓપરેશન માત્ર દેખાડા પૂરતું જ સીમિત છે?

સત્ય એ છે કે સમગ્ર ૧૫૦ ફૂટ રીંગ રોડ હાલ દબાણગ્રસ્ત સ્થિતિમાં મુકાઈ ગયો છે. માર્ગ પરથી પસાર થતી વખતે ચારેય તરફ ગેરકાયદેસર કબ્જો સ્પષ્ટપણે નજરે પડે છે. તંત્ર જ્યારે પણ કાર્યવાહી કરવા નીકળે છે, ત્યારે માત્ર સામાન્ય લોકોને જ પરેશાન કરવામાં આવે છે. ગરીબ રેંકડીધારકો, નાસ્તાની લારીવાળા કે નાના વેપારીઓ પર જ કાયદાનો કોરડો વીંઝાય છે.

બીજી તરફ, આ જ રસ્તા પર સ્થિત મોટા માથાંઓ, મોટી વ્યાપારી કંપનીઓ અને વગદાર સંસ્થાઓ રીંગ રોડને પોતાની જાગીર કે બાપુજીનો બગીચો માનતી હોય તેવું વર્તન કરી રહી છે. સ્ટર્લિંગ હોસ્પિટલ હોય કે મોટર કારના વિશાળ શોરૂમ, આ તમામ સ્થળોએ પોતાના કાયમી પાર્કિંગ રીંગ રોડના મુખ્ય માર્ગ પર જ ખડકી દેવાયા છે. દર્દીઓ, ગ્રાહકો અને સ્ટાફના વાહનો જાહેર રસ્તા પર જ પાર્ક થાય છે.

સૌથી ગંભીર બાબત એ છે કે આ કોઈ ગુપ્ત કે છૂપી વાત નથી. કાયમી ત્રાસદાયક દબાણો ખુલ્લેઆમ ચાલી રહ્યા છે અને તંત્રના સીસીટીવી કેમેરામાં પણ આ દ્રશ્યો સતત કેદ થાય છે. આમ છતાં મનપા અને પોલીસ તંત્ર આ મોટા આસામીઓ સામે ઓપરેશન હાથ ધરવામાં પીછેહઠ કેમ કરે છે? કયા દબાણ કે સ્વાર્થના કારણે અધિકારીઓની કલમ આ કાયમી દબાણકર્તાઓ સામે ચાલતી નથી?

આ ગેરકાયદેસર દબાણો ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જે છે અને ચાલીને જતા નિર્દોષ રાહદારીઓ માટે ભારે મુશ્કેલી ઊભી કરે છે. પેડેસ્ટ્રિયન અને સાયકલ ચાલકો પોતાનો હક્ક ગુમાવી રહ્યા છે. તંત્રની પક્ષપાતી નીતિ સામે લોકોમાં તીવ્ર રોષ વ્યાપી ગયો છે. હવે જો મહાનગરપાલિકા અને ટ્રાફિક પોલીસ ભેદભાવ વગર નિષ્પક્ષ કાર્યવાહી નહીં કરે, તો નાગરિકોએ પોતે જ આ ત્રાસદાયક દબાણો દૂર કરવા માટે મેદાનમાં આવવાની નોબત આવશે.

# દિલ્હીથી મુંબઈ સુધી જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન

## કોંગ્રેસનો લોકશાહી બચાવો માર્ચ, જંતર-મંતર પર થયા એકત્રિત

નવીદિલ્હી, તા. ૨

ઈન્ડિયા બ્લોક આજે મુખ્ય ચૂંટણી કમિશનર, મત ચોરી અને સુપ્રીમ કોર્ટ વિરુદ્ધ ''લોકશાહી બચાવો માર્ચ'' યોજી રહ્યું છે. આ માર્ચ દેશભરના તમામ જિલ્લાઓમાં જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરીઓ સુધી પહોંચશે. કોકરોચ જનતા પાર્ટી મુંબઈમાં મુખ્ય ચૂંટણી કમિશનર સામે પણ વિરોધ પ્રદર્શન કરશે. વિરોધ પક્ષોએ પણ વિરોધ પ્રદર્શનને ટેકો આપ્યો છે. છત્રપતિ શિવાજી પાર્ક ખાતે વિરોધ પ્રદર્શન માટે પરવાનગી નકારવામાં આવી છે. શિવાજી પાર્ક ખાતે વિરોધ પ્રદર્શન માટે પરવાનગી નકારવામાં આવ્યા બાદ, સીજેપીએ ''જેલ ભરો'' (જેલ ભરો) આંદોલનની જાહેરાત કરી. ત્રણ મુખ્ય માંગણીઓ કરવામાં આવી હતીઃ સીઈસી જ્ઞાનેશ કુમારનું રાજીનામું, તેમની સામે ફોજદારી કેસ અને સુપ્રીમ કોર્ટનું સસ્પેન્શન. શિવસેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરેએ સીજેપી વિરોધ પ્રદર્શનને ટેકો આપ્યો.



શિવસેના (યુબીટી) અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ૪ ઓક્ટોબરે વિરોધ પ્રદર્શન શરૂ કરશે. આજે સવારે ૧૧ વાગ્યાથી દિલ્હીના જંતર મંતર પર ધરણા પણ યોજાશે. એઆઈએસએ, આરજેડી સાંસદ મનોજ ઝા અને પ્રશાંત ભૂષણ પણ ભાગ લેશે. લગભગ ૫,૦૦૦ લોકો ભેગા થયા હોવાના અહેવાલ છે. દિલ્હી પોલીસે જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન માટે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો છે. જંતર-મંતર તરફ જતા રસ્તાઓ પર બેરિકેડ લગાવવામાં આવ્યા છે. દિલ્હી પોલીસે સુરક્ષા ઘેરો ગોઠવ્યો છે. મુંબઈમાં કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનને પોલીસ પરવાનગી આપવામાં આવી નથી. પોલીસે અગાઉ શિવાજી પાર્કમાં વિરોધ પ્રદર્શન કરવા માટે સીજેપીને પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે મુંબઈમાં કોઈપણ પ્રદર્શન માટે આઝાદ મેદાન અધિકૃત સ્થળ છે. તે સ્થળની બહાર કોઈ વિરોધ પ્રદર્શન કરી શકાતું નથી. સીજેપી ૨ ઓક્ટોબરે શિવાજી પાર્કમાં વિરોધ પ્રદર્શન કરવા માંગતા હતા.

કોકરોચ જનતા પાર્ટીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ત્રણ મુખ્ય માંગણીઓ કરી છે. જેમાં તેમનું રાજીનામું, તેમની સામે ફોજદારી કાર્યવાહી અને મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર રોકનો સમાવેશ થાય છે. પાર્ટી એ જાન્યુઆરી ૨૦૨૫ ની મતદાર યાદીને પુનઃસ્થાપિત કરવાની પણ માંગ કરી છે. પાર્ટીનો આરોપ છે કે ચૂંટણી પંચની કામગીરી અને મતદાર યાદીમાં ફેરફાર કરવાની પ્રક્રિયા પર ગંભીર પ્રશ્નો ઉભા થાય છે. આના વિરોધમાં, પાર્ટીએ મુંબઈથી દેશવ્યાપી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. ૨ ઓક્ટોબર, ગાંધી જયંતીના રોજ જંતર-મંતર પર પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શનની અપેક્ષાએ દિલ્હી પોલીસે વિશાળ સુરક્ષા ઘેરો ગોઠવી દીધો છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શનનું આહ્વાન કરવામાં આવ્યું છે, પરંતુ દિલ્હી પોલીસે વિરોધ પ્રદર્શન માટે પરવાનગી આપી નથી. તેમ છતાં, મોટી સંખ્યામાં લોકો ભેગા થવાની શક્યતાને કારણે નવી દિલ્હી વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. જંતર-મંતર તરફ જતા રસ્તાઓ પર બેરિકેડિંગ કરવામાં આવ્યા છે. દિલ્હી પોલીસ કર્મચારીઓ સાથે પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળો પર વધારાના પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આશરે ૪,૦૦૦ થી ૫,૦૦૦ લોકો એકઠા થવાની ધારણા છે. તેથી, પોલીસ જંતર-મંતર તેમજ આસપાસના સંવેદનશીલ વિસ્તારો અને રસ્તાઓ પર નજીકથી નજર રાખશે.

# SIR માટે EC ૨૦ રાજ્યોમાં નવેસરથી કરશે પ્રચાર

## જ્યાં મત કાપવામાં આવ્યા'તા, તે વિસ્તાર કરાયો ટાર્ગેટ, વિવાદ વચ્ચે મોટો નિર્ણય

નવીદિલ્હી, તા. ૧૦

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ને લગતા વિવાદ વચ્ચે ચૂંટણી પંચે એક નવો નિર્ણય લીધો છે. આ નિર્ણય હેઠળ, તેણે ૨૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મતદાર યાદીમાં ગુમ થયેલા મતદારો, પ્રથમ વખત મતદારો અને યુવા મતદારોના નામ ઉમેરવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ માટે, પંચે તમામ મુખ્ય ચૂંટણી અધિકારીઓ (CEOs) ને એક પત્ર મોકલ્યો છે. સૂચનાઓ અનુસાર, બૂથ લેવલ ઓફિસરો (BLOs) ને SIR પહેલાની મતદાર યાદી સાથે વર્તમાન મતદાર યાદીની તુલના કરવા કહેવામાં આવ્યું છે. જે મતદારોના નામ અગાઉની યાદીમાં હતા તેમના માટે એક અલગ યાદી તૈયાર કરવામાં આવશે. ઈકઘત હવે ઘરે ઘરે જઈને મતદારોની વર્તમાન સ્થિતિ વિશે પૂછપરછ કરશે. જો લાયક જણાશે, તો તેમને સમાવેશ માટે ફોર્મ ૬ ભરવાનું કહેવામાં આવશે. ઈકઘત ને દર અઠવાડિયે ઓછામાં ઓછા ૨૦ થી ૨૫ મતદારોને આવરી લેવાનો અને લગભગ એક મહિનામાં ઝુંબેશ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે.




ગુમ થયેલા મતદારો, પ્રથમ વખત મતદારો અને યુવા મતદારોને મતદાર યાદીમાં સમાવવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવશે. SIR પ્રક્રિયા દરમિયાન, બૂથ લેવલ ઓફિસરો (BLOs) એ ગેરહાજર, ટ્રાન્સફર થયેલા, મૃતક અને ડુપ્લિકેટ મતદારોની યાદી તૈયાર કરી. ત્યારબાદ ડ્રાફ્ટ મતદાર યાદી જારી કરવામાં આવી, અને દાવાઓ અને વાંધાઓનો નિર્ણય લીધા પછી અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરવામાં આવી. SIR પહેલાની મતદાર યાદીની તુલનામાં, અંતિમ પ્રકાશન પછીની મતદાર યાદીમાં ગણતરીના તબક્કા દરમિયાન દૂર કરાયેલા અને ડ્રાફ્ટ યાદી પ્રકાશિત થયા પછી ઉમેરાયેલા અને દૂર કરાયેલા નામોનો સમાવેશ થાય છે. મતદાર નોંધણી એક સતત પ્રક્રિયા છે, અને જે કોઈપણનું નામ હજુ સુધી મતદાર યાદીમાં શામેલ નથી અથવા જેમનું નામ દૂર કરવામાં આવ્યું છે તે કોઈપણ સમયે નોંધણી માટે અરજી કરી શકે છે. આ ખાસ ઝુંબેશનો હેતુ આવા મતદારોને ઓળખવા અને સુવિધા આપવાનો છે.

BLOs વર્તમાન મતદાર યાદીની તુલના SIR પહેલાની મતદાર યાદી સાથે કરશે અને એવા મતદારોને ઓળખશે જેમના નામ SIR પહેલાની યાદીમાં શામેલ હતા પરંતુ વર્તમાન મતદાર યાદીમાં શામેલ નથી. તેઓ આવા મતદારોની યાદી તૈયાર કરશે. BLOs આ ઓળખાયેલા મતદારોના ઘરે જઈને તેમની વર્તમાન સ્થિતિ નક્કી કરશે, અને જ્યાં પણ લાયક હશે, તેઓ ફોર્મ ૬ નો ઉપયોગ કરીને તેમના નામ નોંધાવશે. ઈકઘત અઠવાડિયામાં ઓછામાં ઓછા ૨૦ થી ૨૫ મતદારોનો સંપર્ક કરી શકે છે, જે લગભગ એક મહિનામાં કાર્ય પૂર્ણ કરશે. તેઓ તેમની તૈયાર યાદીમાં આવા દરેક મતદારની વર્તમાન સ્થિતિ પણ દર્શાવશે. જે મતદારોએ ફોર્મ ૬ ભર્યું છે તેમને પણ યાદીમાં સામેલ કરવામાં આવશે.

BLOs ઘરે ઘરે જઈને ખાતરી કરશે કે ચૂકી ગયેલા મતદારો, પહેલી વાર મત આપનારાઓ અથવા યુવાન મતદારો માટે ફોર્મ ૬ ભરેલું છે. BLOs ભરેલા ફોર્મ ૬ અને તેમના ફિલ્ડ વેરિફિકેશન રિપોર્ટ સાથે યાદી ERO સાથે શેર કરશે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ અને મતદારો નોંધણી નિયમો, ૧૯૬૦ ની જોગવાઈઓ હેઠળ, ERO આ બાબતો પર યોગ્ય કાર્યવાહી કરવા માટે સક્ષમ અધિકારી છે.

# શું સોશિયલ મીડિયા લોકશાહી માટે સારું?

નવીદિલ્હી, તા. ૦૧

સુપ્રીમ કોર્ટે તૃણમૂલ કોંગ્રેસને તેના બેંક ખાતા ફ્રીઝ કરવાના કેસમાં રાહત આપવાનો ઈનકાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે પાર્ટીના ફ્રીઝ કરેલા બેંક ખાતાઓ ચલાવવાની પરવાનગી માંગતી ટીએમસીની અરજી ફગાવી દીધી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે પાર્ટીના ચૂંટણી પ્રતીક ફ્રીઝ કરી દીધા હોવાથી, હવે તેણે નક્કી કરવું પડશે કે ખાતાઓ ચલાવવાનો અધિકાર કોની પાસે છે. કોર્ટે કોલકાતા હાઈકોર્ટના વચગાળાના આદેશમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો અને હાઈકોર્ટને આ મામલામાં ઝડપથી નિર્ણય લેવા કહ્યું હતું. સુનાવણી દરમિયાન, કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ખાતાઓમાં કથિત મોટી રકમ જમા કરાવવા અને તપાસનો ઉલ્લેખ કર્યો હતો. ટીએમસીનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે ચૂંટણી પંચનો આદેશ ફક્ત નામ અને ચૂંટણી પ્રતીક સંબંધિત છે, અને બેંક ખાતાઓના સંચાલનને સંબોધિત કરતો નથી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તે કોલકાતા હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલી વચગાળાની વ્યવસ્થામાં દખલ કરશે નહીં. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટને આ મામલાનો ઝડપથી નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો.

આ જ વિવાદમાં, કલકત્તા હાઈકોર્ટે અગાઉ એક ખાસ અધિકારીની નિમણૂક કરી હતી, જેમણે પક્ષને તેના રોજિંદા ખર્ચ પર મર્યાદિત નાણાકીય નિયંત્રણ આપ્યું હતું. આ વિવાદ પશ્ચિમ બંગાળના બળવાખોર ટીએમસી ધારાસભ્ય વિશ્વનાથ દાસ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદથી શરૂ થયો હતો. ૧૮ જૂન, ૨૦૨૬ ના રોજ, બિધાનનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે કથિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાંથી ભંડોળ ટીએમસીના ચોક્કસ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, પોલીસે એફઆઈઆર દાખલ કરી અને



### ભારત સહિત અનેક મોટા દેશોનો સર્વે રિપોર્ટ પ્રકાશિત

બેંક ખાતાઓ ફ્રીઝ કરી દીધા. કોર્ટના રેકોર્ડ અનુસાર, એફઆઈઆરમાં આઈટી એક્ટની કલમ ૬૬ઈ અને ૬૬ઉ સાથે બીએનએસની ઘણી કલમો લાગુ કરવામાં આવી હતી. ત્યારબાદ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પણ આ મામલે ECIR દાખલ કરી હતી. બેંક ખાતા ફ્રીઝ કર્યા પછી, ટીએમસીએ કોલકાતા હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, અને દલીલ કરી હતી કે ફ્રીઝ તેના રોજિંદા વહીવટી અને કાનૂની ખર્ચ પર અસર કરી રહ્યું છે. જુલાઈમાં, કોલકાતા હાઈકોર્ટે ત્રણ ખાતાઓની મર્યાદિત ઍક્સેસ આપી હતી.

આ માટે, કોર્ટે કોલકાતા હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ સુબ્રત તાલુકદારને ખાસ અધિકારી તરીકે નિયુક્ત કર્યા હતા. આ વ્યવસ્થા હેઠળ, પક્ષના અધિકૃત અધિકારીઓ દ્વારા પક્ષના ચેક પર સહી કર્યા પછી, ખાસ અધિકારીની દેખરેખ હેઠળ ચુકવણી કરવામાં આવતી હતી. જોકે, ઊઉની કાર્યવાહીએ મામલો વધુ જટિલ બનાવ્યો. કોલકાતા હાઈકોર્ટના આદેશ બાદ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મની લોન્ડરિંગ તપાસના ભાગ રૂપે પક્ષ સાથે જોડાયેલા ત્રણ ખાતાઓ પણ ફ્રીઝ કરી દીધા. આનાથી પક્ષને સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવો પડ્યો. ટીએમસીએ દાવો કર્યો હતો કે તે તેના નિયમિત ખર્ચાઓ પણ પૂરા કરવામાં અસમર્થ છે. વકીલ કપિલ સિબ્બલે જણાવ્યુ હતુ કે ચૂંટણી પંચના ૧૭ સપ્ટેમ્બરના આદેશમાં બેંક ખાતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી... તે આદેશ ચૂંટણી પ્રતીક મુદ્દા સાથે સંબંધિત હતો... અમે જાળવી રાખીએ છીએ કે અમે ખાતાઓ ચલાવી શકતા નથી... મની લોન્ડરિંગ આ કેસનો વિષય નથી. વરિષ્ઠ વકીલ કે. પરમેશ્વરે પણ કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે પક્ષને તેના સામાન્ય ખર્ચ ઉપરાંત વધારાના ખર્ચ માટે ભંડોળની જરૂર છે. કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટમાં ખાતાઓ ફ્રીઝ કરવાનો બચાવ કર્યો. ફરિયાદ અને તપાસનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે પક્ષના એક અધિકારીના અંગત સહાયક (પીએ) સાથે સંકળાયેલા કેસમાં ₹૩૫ કરોડ રોકડ જમા કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે સુમિત રોયે આ કેસમાં આગોતરા જામીન માટે કોર્ટમાં અરજી કરી છે. કેન્દ્ર સરકારે એમ પણ કહ્યું કે એજન્સીઓ આ મામલાની તપાસ કરી રહી છે.

### ૩,૦૦૦ કરોડના માદક દ્રવ્યોના કેસમાં પાંચ પાકિસ્તાની નાગરિકો ઝડપાયા

# પાંચેય પાકિસ્તાનીના ૧૨'દિના રિમાન્ડ મંજૂર

## પાકિસ્તાની લિંક, તમિલનાડુ રૂટ અને હવાલા કનેક્શનની ઊંડાણપૂર્વક તપાસ માટે અઝજ દ્વારા આરોપીઓના રિમાન્ડ મેળવાયા; કોર્ટે ૧૩ ઓક્ટોબર સુધી પોલીસ કસ્ટડીમાં સોંપ્યા



અમદાવાદ, તા.૨

અમદાવાદ ખાતેથી પ્રાપ્ત અહેવાલો મુજબ, અરબી સમુદ્રમાં લક્ષદ્વીપ નજીકથી પકડાયેલા રૂપિયા ૩,૦૦૦ કરોડના માદક દ્રવ્યોના કેસમાં ઝડપાયેલા પાંચ પાકિસ્તાની નાગરિકોને સ્થાનિક કોર્ટે ૧૨ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (અઝજ) દ્વારા ગુરુવારે સાંજે આ તમામ આરોપીઓને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. આ કેસની વધુ તપાસ અર્થે અઝજ દ્વારા ૧૪ દિવસની કસ્ટડીની માંગણી કરવામાં આવી હતી, જોકે એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એચ. જે. ગઢવીએ આરોપીઓને ૧૩ ઓક્ટોબર સુધી એટલે કે ૧૨ દિવસના રિમાન્ડ પર પોલીસ કસ્ટડીમાં રાખવાનો હુકમ કર્યો છે.

આ ઝડપાયેલા પાંચ આરોપીઓની ઓળખ મોહમ્મદ યાકુબ બલોચી, શકીરુલ્લા, ફરીદુલ્લા, અહેમદ ખાન અને વાહિદુલ્લા ખાન તરીકે થઈ છે, જેઓ તમામ પાકિસ્તાનના પેશાવરના રહેવાસી હોવાનું જણાવાયું છે. ગત ૨૫ સપ્ટેમ્બરના રોજ અરબી સમુદ્રમાં ઈરાની હોડી 'આઝાદ' પરથી આ પાકિસ્તાનીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ શંકાસ્પદ હોડીને લક્ષદ્વીપથી ઉત્તર-પશ્ચિમે આશરે ૧૬૦ નોટિકલ માઈલ અને મુંબઈથી દક્ષિણ-પશ્ચિમે આશરે ૮૪૦ નોટિકલ માઈલ દૂર અટકાવવામાં આવી હતી. કોસ્ટ ગાર્ડે ગુજરાત અઝજ અને કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓની માહિતીના આધારે સમુદ્ર અને હવાઈ માર્ગે દેખરેખ રાખીને આ હોડીને ટ્રેક કરી તેના પર ચઢાણ કર્યું હતું. આ સમગ્ર સફળ ઓપરેશન ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ અને ભારતીય તટરક્ષક દળની સંયુક્ત કાર્યવાહી ગણવામાં આવે છે.

આ ઈરાની હોડીમાંથી કુલ ૫૨૬ કિલો મેથાફેટામાઈન અને હેરોઈનનો જંગી જથ્થો મળી આવ્યો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત રૂ. ૩,૦૦૦ કરોડથી પણ વધુ આંકવામાં આવી રહી છે. કેટલાક અલગ અહેવાલો મુજબ આ જપ્તીમાં આશરે ૪૦૦ કિલો મેથ અને ૧૨૬ કિલો હેરોઈન હોવાનું કહેવાય છે. રિમાન્ડ મેળવવા દરમિયાન ફરિયાદી પક્ષે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે આ કેસમાં પાકિસ્તાન સાથેનું જોડાણ, આ ડ્રગ્સની હોડી ઈરાની બંદરેથી ભરાઈ હતી કે નહીં અને આ માલનું અંતિમ ગંતવ્ય તમિલનાડુ હતું કે કેમ તે ચકાસવું અત્યંત જરૂરી છે. આ ઉપરાંત, એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ હવે કસ્ટડી દરમિયાન આ ઓપરેશન પાછળના વાસ્તવિક કાવતરાખોરો, હવાલા મારફતે થયેલા નાણાકીય વ્યવહારો, ડ્રગ્સનો માલ ક્યાંથી ભરાયો હતો, આરોપીઓ કોના સંપર્કમાં હતા અને આ ડ્રગ્સ ભારતમાં કોને પહોંચાડવાનું હતું તે તમામ દિશાઓમાં તપાસના તાર શોધશે.

### મહિલા ડોક્ટરને ડિજિટલ એરેસ્ટ કરી ૫૮.૫૦ લાખની

# ઠગાઈના ગુનામાં બે આરોપી અમદાવાદથી ઝડપાયા

### ચાર મોબાઈલ અને ૧ લેપટોપ સહિત ૧.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરતી સાયબર ક્રાઈમ : એ ડીવીઝન પોલીસમાં છેતરપીંડીના ગુનાના આરોપીને લીંબડીમાંથી ઝડપાયો



રાજકોટ, તા.૨

રાજકોટ શહેરમાં એક વૃદ્ધ મહિલા ડોક્ટર સાથે થયેલ ડિજિટલ એરેસ્ટના સાયબર ફ્રોડનો ભેદ ઉકેલવામાં રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસને સફળતા મળી છે. છેતરપિંડી કરનારા સાયબર ગઠિયાઓને પોતાના બેંક એકાઉન્ટમાં કમિશન મેળવવાની લાલચે ૫૮,૫૦,૦૦૦ રૂપિયા જેટલી માતબર રકમ વાપરવા આપીને સાયબર ફ્રોડના નાણાં ટ્રાન્સફર કરાવનાર બે આરોપી ઈસનપુર, અમદાવાદ (મૂળ ભાણગઢ, તા. ધોલેરા)ના રહેવાસી ૩૪ વર્ષીય દર્શન રમેશભાઇ મકવાણા અને ભાવનગર (મૂળ બોટાદ)ના રહેવાસી ૨૯ વર્ષીય શુભમ દીલીપભાઇ પરમારની ટેકનિકલ એનાલિસિસ અને બેંકની માહિતીના આધારે અમદાવાદથી પોલીસે અટકાયત કરી છે.

પકડાયેલા બંને આરોપીઓ પાસેથી પોલીસે બે મોબાઈલ, નાનું લેપટોપ મળીને ૧,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, ડીસીપી (ક્રાઈમ અને સ્પેશિયલ બ્રાન્ચ) જગદીશ બાંગરવા અને ઈન્ચાર્જ એસીપી ભરત બી. બસીયાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ.ડી. ફુલતરીયા, પી.આર. ડોબરીયા, અને એમ.ડી. ગઢવી તેમજ પી.એસ.આઈ. એસ.વી. ભાયાણી, એ.એમ. ઝાલા અને તેમની ટીમે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ઠગાઈનો આરોપી લીંબડીથી ઝડપાયો

શહેરના પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓની સૂચનાથી પેરોલ જમ્પ અને નાસતા ફરતા આરોપીઓને પકડવાની ચાલી રહેલી કામગીરી અંતર્ગત રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની પેરોલ ફર્લો સ્ક્વોડને મોટી સફળતા મળી છે. પીઆઈ પી.એન. પઢીયાર અને પીએસઆઈ એસ.બી. ઘાસુરાના માર્ગદર્શન હેઠળ સ્ક્વોડની ટીમે હ્યુમન સોર્સ તેમજ ટેકનીકલ એનાલીસીસનો ઉપયોગ કરી આરોપીઓની શોધખોળમાં હતા. ત્યારે એ ડીવીઝન પોલીસ સ્ટેશનના ઠગાઈના ગુનામાં નાસતા ફરતા આરોપી, મેહુલનગર-૫, બાબાભાઈનાં મકાનમાં ભાડેથી રહેતા ચિંતન પ્રમોદ પાટડિયાને પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા સુરેન્દ્રનગરના લીંબડીમાંથી ઝડપી લઈને એ ડીવીઝન પોલીસને સોંપી દીધો છે.

# ટ્રેક્ટર સાથે અથડાયેલા વૃદ્ધનું મોત

### ટ્રેક્ટર ચાલકે અચાનક બ્રેક મારી ને સર્જાયો અકસ્માત : ચાલક સામે ગુનો



રાજકોટ, તા.૨

રાજકોટના ભાયાવદર પોલીસ સ્ટેશનથી આશરે ૬ કિલોમીટર દૂર ભાયાવદર-ખાખીજાળીયા રોડ પર આવેલા ગાયત્રી સ્ટોનની આગળ ગત તારીખ ૩૦/૦૯/૨૦૨૬ ના રોજ સાંજના સાડા આઠેક વાગ્યાની આસપાસ આગળ જતા ટ્રેક્ટર ચાલકે અચાનક બ્રેક મારતા, પાછળ આવી રહેલા, વૃદ્ધ બાઈક ચાલકનું મોત થયાનો ગુનો ટ્રેક્ટર ચાલક સામે ભાયાવદર પોલીસમાં નોંધાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઉપલેટા તાલુકાના મોજીરા ગામે રહેતા પીન્ટુભાઇ મહેશભાઇ મારડીયા ના પિતાજી મહેશભાઈ પોતાનું જીજે ૦૩ સીએન ૭૯૮૦ નંબરનું બાઈક લઈને પોતાના ઘર તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન વાડલા ગામના રહેવાસી હીરા રાજા ભારાઇએ પોતાનું જીજે ૦૭ એએન ૯૪૪૭ નંબરનું ટ્રેક્ટર બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી અચાનક રોડની વચ્ચે ઉભું રાખી દીધું હતું. ટ્રેક્ટર અચાનક ઉભું રહી જતાં પાછળથી આવતા મહેશભાઈનું બાઈક ટ્રેક્ટરની જમણી બાજુ અથડાઈ ગયું હતું. જેમાં વૃદ્ધને ડાબા પગમાં, ડાબા હાથમાં તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે પીન્ટુભાઈ મારડીયાએ ફરિયાદ નોંધાવતા ભાયાવદર પોલીસે ટ્રેક્ટર ચાલક હીરા ભારાઇ વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ એમ.આર. જોગરાદીયા ચલાવી રહ્યા છે.

### એકટીવા સ્લીપ થતા યુવાનો મોત

અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે રોડ પર આવેલા શાંતિ ઈન્ડસ્ટ્રીઝના ગેઈટની સામે ડિવાઈડર પાસે ગત તારીખ ૦૪/૦૯/૨૦૨૬ ના રોજ બપોરના અઢી વાગ્યાની આસપાસ એક અકસ્માત સર્જાયો હતો. થાનગઢના નવાગામ રોડ પર પાણીના ટાંકાની સામે આંબેડકર નગર-૫ માં રહેતા ૪૧ વર્ષીય ભરત પાલાભાઈ રાઠોડ પોતાનું જીજે ૧૩ બીએન ૮૮૯૬ નંબરનું એક્ટીવા બેફિકરાઈથી ચલાવી રહ્યા હતા. આ દરમિયાન કાબુ ગુમાવતા તેમનું એક્ટિવા સ્લીપ થઈ ગયું હતું અને તેઓ એક્ટિવા સહિત નીચે પડી જઈ ડિવાઈડર સાથે અથડાયા હતા. આ અકસ્માતમાં ચાલક ભરતભાઈને માથાના ભાગે ગંભીર હેમરેજ જેવી ઈજાઓ તથા મોઢા અને હાથ-પગના ભાગે છોલાણ જેવી નાની-મોટી ઈજાઓ પહોંચતા પોતાનું મોત થયું હતું. આ ઘટના અંગે મૃતકના ભાઈ મનુભાઈ પાલાભાઈ રાઠોડ દ્વારા કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ૦૨/૧૦/૨૦૨૬ ના રોજ ફરિયાદ નોંધાવતા પોલીસે મૃતક સામે ગુનો નોંધ્યો છે. જેની વધુ તપાસ એ.એસ.આઈ. એમ.એમ.આગ્યા ચલાવી રહ્યા છે.

# કિસાનપરા ચોકમાંથી તરુણીનું અપહરણ

### માતાની ફરિયાદ પરથી તપાસ શરુ કરતી એ ડીવીઝન પોલીસ



રાજકોટ, તા.૨

રાજકોટ શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા જાગનાથ પોલીસ ચોકી હેઠળના કિશાનપરા ચોક પાસે એક તરુણીના અપહરણનો બનાવ ગઈકાલે એ ડીવીઝન પોલીસમાં નોંધાયો છે. કિશોરીની માતાની ફરિયાદ પરથી પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી શોધખોળ આદરી છે.

ગુરુવારે બપોરના દોઢેક વાગ્યાની આસપાસ એક ૧૩ વર્ષીય તરુણીનું કોઈ અજાણ્યા શખ્સ દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. આ અંગે ભોગ બનનાર તરુણીની માતાએ આજે એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. મહિલાની ફરિયાદ મુજબ આશરે ૧૩ વર્ષની દીકરીને કોઈ અજાણ્યો ઈસમ કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો છે. પોલીસે ગુનો નોંધીને સગીરાને શોધવા માટેની વધુ તપાસ પીએસઆઈ આર.એમ. બરાડીયાએ હાથ ધરી છે.

### જુગાર રમતી ૨ મહિલા સહિત ૪ પકડાયા

રાજકોટ ગ્રામ્યના કોલકી ગામમાં એક રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડો પાડી જુગાર રમતી બે મહિલાઓ સહિત ચાર શખ્સોને રોકડ ૧૦,૩૧૦ ઝડપી પાડ્યા છે. કોલકી ગામમાં રહેતા પુંજા હરજી ડઢાણીયાના રહેણાંક મકાનમાં પોલીસે દરોડો પાડતા અહી મકાનમાં બહારથી માણસો બોલાવી, જુગાર રમવાના સાધનો પૂરા પાડી, પોતાના અંગત ફાયદા માટે નાલના રૂપિયા ઉઘરાવી જુગારનો અખાડો ચલાવાતો હોવાનું બહાર આવ્યું હતું. દરોડામાં જુગાર રમતા નીલમ રમેશ ડઢાણીયા, ફરીદા ઈકબાલભાઈ કોડીય, ચેતન શરમણ ડાકી અને સવા આલા ઝાપડા (રબારીકા)ને સ્થળ પરથી ઝડપી લીધા હતા. હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ જાડેજાની ફરિયાદ પરથી ઉપલેટા પોલીસે ગુનો નોંધ્યો છે. જેની વધુ તપાસ એ.એસ.આઈ. એન.એન. ચાવડાએ હાથ ધરી છે.

### શહેરમાં જાહેર જનતાની સલામતી, પક્ષીઓ તથા અન્ય જીવોના રક્ષણ અને જાહેર વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી

# પતંગ ઉડાડવા-ચાઈનીઝ દોરીના ઉપયોગ પર પ્રતિબંધ

### પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધઃ તુક્કલ-સ્કાય લેન્ટર્નના વેચાણ અને ઉપયોગ પર મનાઈ; પક્ષીઓના રક્ષણ અર્થે સવારે ૬ થી ૮ અને સાંજે ૬ થી ૮ પતંગ ઉડાડવા પર રોક

રાજકોટ, તા.૨

રાજકોટ શહેરમાં જાહેર જનતાની સલામતી, પક્ષીઓ તથા અન્ય જીવોના રક્ષણ અને જાહેર વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા સમગ્ર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવ્યા છે. આ જાહેરનામા મુજબ, જાહેર માર્ગ, રસ્તા, ફૂટપાથ તેમજ જાનનું જોખમ ઊભું થાય તેવા ભયજનક સ્થળોએ પતંગ ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

પોલીસ કમિશનરના આદેશ અનુસાર, નાયલોન, સિન્થેટિક મટીરીયલ અથવા સિન્થેટિક પદાર્થથી કોટેડ અને નોન-બાયોડિગ્રેડેબલ એવી ચાઈનીઝ દોરી મેળવવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા કે તેનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત સિન્થેટિક, સુતરાઉ કે અન્ય કોઈપણ પ્રકારની દોરી ઉપર લોખંડનો પાઉડર, કાચનો ભૂકો કે પાઉડર અથવા અન્ય નુકસાનકારક પદાર્થ ચઢાવી તૈયાર કરેલી દોરી મેળવવા, ખરીદવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા કે ઉત્પાદન કરવા પર રોક લગાવવામાં આવી છે. ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે ચાઈનીઝ માંજા, પ્લાસ્ટિક દોરી, ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ તથા ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન/તુક્કલના વેચાણ તેમજ સિન્થેટિક માંજા અને નાયલોન દોરીની આયાત કરવા પર પણ પ્રતિબંધ રહેશે.

પક્ષીઓ સવારના ૬:૦૦ થી ૮:૦૦ કલાક તથા સાંજના ૧૮:૦૦ થી ૨૦:૦૦ કલાક દરમિયાન માળામાંથી બહાર નીકળતા અને પરત ફરતા હોવાથી આ ચોક્કસ સમયગાળા દરમિયાન પતંગ ઉડાડવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. વધુમાં, ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન તથા સ્કાય લેન્ટર્ન ઉડાડવા, ખરીદવા, આયાત કરવા, વેચાણ કરવા કે કબજામાં રાખવા પર પ્રતિબંધ છે. પતંગ ઉડાડવાથી કપાયેલી પતંગ કે દોરી પકડવા પર પણ રોક લગાવવામાં આવી છે.

જાહેર જનતાને ત્રાસ થાય તે રીતે અત્યંત મોટા અવાજે ધાર્મિક લાગણી દુભાય તેવા ગીતો કે સંગીત વગાડવા તેમજ પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખીને પતંગ ઉડાડવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પોલીસ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલું આ જાહેરનામું આગામી તા. ૩૦/૧૧/૨૦૨૬ના ૨૪:૦૦ કલાક સુધી અમલમાં રહેશે. આ પ્રતિબંધાત્મક હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી તાકીદ કરી છે.



### ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઉમિયા સર્કલ નજીક હોટેલ પાછળના પાર્કિંગમાં પડેલી બડાદોસ્ત ગાડીમાંથી ચોરી થઈ હતી

# લાખોનો સ્ક્રેપ ચોરનાર ટોળકી ઝડપાઈ

## ટોળકીમાં એક સગીર પણ સામેલઃ ૩.૫૧ લાખનો સ્ક્રેપ, રિક્ષા અને ૩ ટુ-વ્હીલર મળી ૬.૦૫ લાખનો મુદ્દામાલ તાલુકા પોલીસે કબ્જે કર્યો

રાજકોટ, તા. ૨

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા ઉમિયા સર્કલ પાછળ પાર્ક કરાયેલી અશોક લેલેન્ડ બડાદોસ્ત ગાડીમાંથી સાડા ત્રણ લાખ રૂપિયાની કિંમતના કોપર સ્ક્રેપની ચોરી થવાનો બનાવ બન્યો હતો. આ ચર્ચાસ્પદ ગુનાનો રાજકોટ તાલુકા પોલીસે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે ચોરી કરનાર સગીર સહિત સાત શખ્સોની ટોળકીને પકડી પાડી ચોરેલો મુદ્દામાલ, એક ઓટો રિક્ષા અને ત્રણ મોટરસાયકલ કબ્જે કર્યા છે.

મિલકત સંબંધી ગુનાઓ શોધવા અંગે મળેલી સૂચના અનુસાર રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનની ટીમે પેટ્રોલિંગ અને સર્વેલન્સ હાથ ધર્યું હતું. પોલીસ ઈન્સપેક્ટર એસ.આર. મેઘાણીના નેતૃત્વમાં સર્વેલન્સ સ્ટાફના પોલીસ સબ ઈન્સપેક્ટર બી.આર. ભરવાડ તથા ટીમ કાર્યરત હતી. દરમિયાન કોન્સ્ટેબલ જયપાલસિંહ સરવૈયા, બળભદ્રસિંહ જાડેજા, મુકેશભાઇ ડાંગર અને કરણભાઇ જાદવને ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પરસાણા ચોકડીથી કણકોટ તરફ જતા રોડ પર આવેલા વુપી વર્લ્ડ હોટેલ સામેના ખુલ્લા ગ્રાઉન્ડમાંથી સાત શખ્સોને ઓટો રિક્ષા અને ત્રણ મોટરસાયકલ સાથે દબોચી લેવામાં આવ્યા હતા.

ઝડપાયેલા શખ્સોની સઘન પૂછપરછ કરવામાં આવતા તેઓએ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઉમિયા સર્કલ નજીક ક્રિસ્ટલ કોર્નર બિલ્ડીંગ પાછળ પાર્કિંગમાં પડેલી અશોક લેલેન્ડ દોસ્ત ગાડીમાંથી ૧૫૦ કિલો લુઝ કોપર સ્ક્રેપની ચોરી કરી



હોવાની કબૂલાત આપી હતી. પોલીસે આ કામગીરીમાં બાપુનગર સ્લમ ક્વાટર્સમાં રહેતા અફઝલભાઈ નાસીરભાઈ શેખ, અશરફભાઈ ઉર્ફે ભૂરો નાસીરભાઈ શેખ, દેવપરા મેઈન રોડ પર રહેતા શકીલ સતારભાઈ સપ્પા (મૂળ મેગણી), આજી જી.આઈ.ડી.સી. પાસે રહેતા હમજા રફીકભાઈ સૈયદ (મૂળ અલીગઢ, યુ.પી.), જંગલેશ્વર એકતા કોલોનીમાં રહેતા અનસ મઝ્ઝાબાન શેખ (મૂળ લોનાવાદરગા, યુ.પી.), દેવપરા ભવાની ચોક વિસ્તારના કરણભાઈ અરવિંદભાઈ કુંભલ તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોરની અટકાયત કરી છે.

પકડાયેલા આરોપીઓ પૈકી અફઝલ શેખ, અશરફ શેખ અને હમજા સૈયદનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેઓ ભૂતકાળમાં આર્મ્સ એક્ટ, પ્રોહિબિશન તથા જુગાર જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી ૩,૫૧,૦૦૦ની કિંમતનો ૧૫૦ કિલો લુઝ કોપર સ્ક્રેપ, એક ઓટો રિક્ષા અને ત્રણ મોટરસાયકલ મળીને કુલ ૬,૦૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ સફળ કામગીરી શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, નાયબ પોલીસ કમિશનર રાકેશ દેસાઇ અને મદદનીશ પોલીસ કમિશનર બી.જે.ચૌધરી (દક્ષિણ વિભાગ)ના માર્ગદર્શન હેઠળ પી.આઈ. એસ.આર. મેઘાણી, પીએસઆઈ બી.આર. ભરવાડ, એએસઆઈ ક્રીપાલસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ કૌશેન્દ્રસિંહ ઝાલા, અજયભાઈ ભુંડીયા, બ્રિજરાજસિંહ ગોહિલ, અક્ષયભાઈ નાથાણી તેમજ કોન્સ્ટેબલ બળભદ્રસિંહ જાડેજા, વનરાજભાઈ લાવડીયા, ઉગાભાઈ બાળા, જયપાલસિંહ સરવૈયા, કરણભાઈ યાદવ અને કુલદીપસિંહ જાડેજાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

### જૂનાગઢમાં અભ્યાસ દરમિયાન ૨૦૨૨માં એટીકેટી આવ્યા બાદ માનસિક હતાશ બની ગયો હતો : સુખરામનગરમાં હચમચાવતી ઘટના

# તબીબી છાત્રએ ઘરના મંદિરમાંથી તલવાર લઈ પેટમાં ઝીંકી જીવ દીધો

### રૂમનો દરવાજો બંધ કરી લીધેલા પગલાંથી પરિવારમાં કલ્પાંત



રાજકોટ તા. ૨

કોઠારીયા રોડ પર આવેલા સુખરામનગરમાં એક અત્યંત દુઃખદ અને હચમચાવનારી ઘટના સામે આવી છે. મેડિકલનો અભ્યાસ કરતા ૨૬ વર્ષીય યુવાને પોતાના જ ઘરમાં માતાજીના મંદિરમાં રહેલી તલવાર વડે પેટમાં ગંભીર ઈજાઓ પહોંચાડી આત્મહત્યા કરી લીધી છે. પરીક્ષામાં એટીકેટી આવ્યા બાદ સતત માનસિક અસ્વસ્થતા અને હતાશા ભોગવી રહેલા યુવાનના આ આકરા પગલાંથી પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા છે.

મળતી વિગતો અનુસાર, સુખરામનગરમાં ચારણ સમાજની વાડી પાસે રહેતો ૨૬ વર્ષીય ધર્મેશ હરીશભાઈ વિરડા પોતાના બે માળના મકાનમાં ઉપરના રૂમમાં જવાનું કહીને ગયો હતો. ત્યાં તેણે રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો અને ઘરમાં માતાજીના મંદિરમાં મુકેલી તલવાર વડે પોતાની જાતે જ પેટના ભાગે ગંભીર ઘા ઝીંકી દીધા હતા.

ધર્મેશની માનસિક સ્થિતિ સારી ન હોવાથી પરિવારજનો સતત તેની દેખભાળ રાખતા હતા. આશરે અડધા કલાક બાદ પરિવારજનો તેને જોવા માટે ઉપરના રૂમે ગયા ત્યારે દરવાજો બંધ હતો. પરિવારજનોએ દરવાજો ખટખટાવતા ધર્મેશે દરવાજો ખોલ્યો હતો, પરંતુ તે અત્યંત લોહીલુહાણ હાલતમાં નજરે પડ્યો હતો. પરિવારે વિલંબ કર્યા વગર તેને તત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેણે ટૂંકી ઓરડામાં દમ તોડી દીધો હતો.

ઘટનાની જાણ થતાં જ ભક્તિનગર પોલીસ મથકના પીએસઆઈ પી.વી. વારોતીયા હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ધર્મેશ એક ભાઈ અને એક બહેનમાં મોટો હતો અને તેના પિતા હરીશભાઈ ડ્રાઈવિંગ કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ધર્મેશ વર્ષ ૨૦૨૨માં જૂનાગઢ સિવિલ મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતો હતો. તે સમયે પરીક્ષામાં એટીકેટી આવતા તે ભારે હતાશ થઈ ગયો હતો અને ત્યારથી માનસિક અસ્વસ્થ રહેતો હોવાથી રાજકોટ પરિવાર સાથે જ રહેતો હતો. યુવાન પુત્રના આકસ્મિક અને દર્દનાક મોતથી વિરડા પરિવારમાં અરેરાટી સાથે ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

# રેલનગરની પરિણીતાએ પિતાના ઘરે ૯મા માળેથી કૂદી જીવ દીધો'તો

### પતિનું અફેર અને ત્રાસ બન્યાં હતાં માનસીના મોતનું કારણ : આપઘાત કેસમાં પતિ સામે ગુનો દાખલઃ પતિ મિલન આંબલીયા અને તેના મિત્રની પત્ની વચ્ચેના આડા સંબંધોથી ત્રસ્ત થઈ યુવતીએ પગલું ભર્યાનો પિતાનો આરોપ; ગાંધીગ્રામ-૨ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ તા. ૨

શહેરના ઘંટેશ્વર એસ.આર.પી. કેમ્પ સામે આવેલ વર્ધમાનગ્રીન એપાર્ટમેન્ટમાં રહેતી ૨૩ વર્ષીય પરિણીતા માનસીએ પોતાના પિયરે નવમા માળેથી પડતું મૂકી આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. માનસીને મરવા મજબૂર કરવા બદલ તેના પિતા લલીતભાઈ કેશવભાઈ સોલંકીએ પોતાના જમાઈ મિલન રાજેશભાઈ આંબલીયા સામે ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં વિગતવાર ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, લલીતભાઈ સોલંકી વાણંદ કામ કરે છે. તેમની ૨૩ વર્ષીય પુત્રી માનસી ગ્રેજ્યુએટ સુધી અભ્યાસ કરેલ હતી અને આઈ.આર. વર્લ્ડ સોલાર કંપનીમાં નોકરી કરતી હતી. માનસીએ આશરે સાડા ત્રણ વર્ષ પહેલા રેલનગરમાં રહેતા અને 'ફ્યુઝન' નામે સલૂન ચલાવતા મિલન રાજેશભાઈ આંબલીયા સાથે પ્રેમલગ્ન કર્યા હતા.

લગ્નના શરૂઆતના ૬ મહિના બાદ બંને વચ્ચે અણબનાવ બનતા સાસરીયા અને પરિવારે સમાધાન કરાવ્યું હતું. જોકે, લગ્નજીવન દરમિયાન પતિના વર્તનમાં મોટો બદલાવ આવ્યો હતો. માનસીએ પોતાના પિતાને જણાવેલી વિગતો મુજબ, આશરે ત્રણ મહિના પહેલા તારીખ ૨૮/૦૬ના રોજ માનસી અને તેનો પતિ મિલન, મિલનના મિત્ર તેમની પત્ની એમ



ચારેય જણા સાસણગીર ફરવા ગયા હતા. ત્યાં કોઈ કારણોસર મિત્રને અને તેમની પત્ની વચ્ચે ઝઘડો થતાં મિલન મિત્રની પત્નીને મનાવવા ગયો હતો. માનસીએ મિલનને ''તમારે મનાવવા જવાની શું જરૂર હતી?'' તેમ કહેતા મિલને માનસી સાથે ઝઘડો કરી તેનો ફોન તોડી નાખ્યો હતો અને ઝાપટ મારી દીધી હતી. આ ઘટના બાદ મિલન સરખી વાત કરતો નહોતો અને તેણે માનસીની મરજી વિરુદ્ધ તેણી સાથે ભાગીદારીમાં ફ્યુઝન સલૂન' શોપ ચાલુ કરી હતી.

માનસી રિસામણે આવી ત્યારે તેણે પરિવારને વધુમાં જણાવ્યું હતું કે, સલૂનમાં કામ કરતા જતીન રાઠોડ નામના યુવકે તેને માહિતી આપી હતી કે, ''મિલન અને સલૂનની ભાગીદાર પરિણીતા નિધિ અવારનવાર શોપિંગ કરવાના બહાને ફરવા જાય છે અને હું સલૂને જાઉં તો મારી સાથે ઝઘડો કરે છે.''

આ બાબતે માનસી મિલનને નિધિ સાથેનો સંબંધ તોડવાનું કહેતી ત્યારે મિલન ''તારે જ્યાં જવું હોય ત્યાં જા, તું મને ગમતી નથી'' તેમ કહી માનસિક ત્રાસ આપતો હતો. તારીખ ૨૩ના રોજ પણ મિલને માનસી સાથે ઝઘડો કર્યો હતો અને તે સમયે નિધિ પણ ત્યાં હાજર હતી, જેણે ''તારા બે દિવસમાં છૂટાછેડા કરાવી દઈશ'' તેવી ધમકી આપી હતી.

બાદમાં તારીખ ૨૪ના રોજ બપોરે આશરે એક વાગ્યે મિલને માનસીના પિતાને ફોન કરીને કહ્યું હતું કે ''માનસી સવારની ઝઘડો કરે છે, તમે તેને લઈ જાવ.'' કોન્ફરન્સ કોલમાં માનસીએ પિતાને કહ્યું હતું કે, ''મિલનને અન્ય સ્ત્રી સાથે સંબંધ છે અને મારે મોબાઈલ ડિટેઈલ કઢાવી પ્રૂફ આપવું છે.'' ત્યારે મિલને માનસીને ધમકી આપી હતી કે ''તું અહીં આવીશ તો હું મરી જઈશ અને બધાના નામ લખતો જઈશ.''

ત્યારબાદ સાંજે સાડા પાંચ વાગ્યાની આસપાસ માનસીના પિતા તેને રેલનગર સ્થિત સાસરેથી પોતાના ઘરે તેડી આવ્યા હતા. સાંજે પોણા છ વાગ્યે માનસી ઘરે આવી અને નીચે તેના મમ્મી સુંદરકાંડના પાઠમાં બેઠા હતા ત્યાં બેસીને ઘરની ચાવી લઈ પોતાના ફ્લેટે ગઈ હતી. સાંજે સાતેક વાગ્યાના સુમારે પડોશીએ ફોન કરીને જાણ કરી કે માનસીએ ૯મા માળેથી નીચે ઠેકડો માર્યો છે. ગંભીર હાલતમાં માનસીને તાત્કાલિક એઈમ્સ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવાર બાદ ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કરી હતી. મૃતકની અંતિમવિધિમાં રોકાયેલ હોવાથી પરિવારે મોડી ફરિયાદ નોંધાવી હતી. પિતા લલીતભાઈ સોલંકી, પુત્ર યશ અને ભત્રીજી કિંજલ સાથે ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશને પહોંચી મિલન આંબલીયા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### નાના મોટા જીણા જાડા...સાયબર ફ્રોડના એક બે નહિ ચાર ચાર કિસ્સા

# ટ્રાફિક ચલણની લિંક ખોલી ને ગૂમાવ્યા બે લાખ

## બીજા બનાવમાં ઓટીપી શેર ન કર્યો છતાં રૂપિયા ગાયબઃ ત્રીજી ઘટનામાં મોબાઈલમાં ઓચિંતા ઓટીપીનો મારો થયો અને બેંક ખાતુ ખાલી થયુંઃ ચોથી ઘટનામા ક્રેડીટ કાર્ડ રીન્યુ કરાવવાના નામે છેતરપીંડી

રાજકોટ, તા. ૨

અલગ અલગ રીતે સાયબર ઠગાઇ કરવાના કિસ્સા યથાવત જ રહે છે. રોજ નવા નવા લોકો આવા ફ્રોડનો શિકાર બની નાની મોટી રકમ ગુમાવતાં રહે છે. વધુ ચારે કિસ્સા સામે આવ્યા હતાં. જેમાં ટ્રાફિક ચલણની લિંક મોકલી ક્રેડીટ કાર્ડમાંથી રોડકા સેરવી લેવાયા હતાં. તો અન્ય એક વ્યક્તિને ઓટીપી આવ્યો હતો તે શેર કર્યા વગર જ તેના ખાતામાંથી નાણા ઉસેડાઇ ગયા હતાં. ત્રીજી આવી ઘટનામાં પણ ફોન હેક કરી ફ્રોડ આચરાયું હતું. તો ચોથી ઘટનામાં બેંક કર્મી તરીકે વાત કરી ક્રેટીટ કાર્ડ રીન્યુના નામે સ્ક્રીન શેર કરાવી રૂપિયા લઇ લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો ડભોઇના વેપારી તરૂણકુમાર માલીને ટ્રાફિક ચલણની લિંક મોકલી સાયબર ગઠિયાઓએ છેતર્યા છે. આ લિંક ખોલતાં જ વેપારીનો ફોન હેક થયો અને તેમના ક્રેડિટ કાર્ડમાંથી ૧.૯૫ લાખ ઉપડી ગયા. ગઠિયાઓએ તનિષ્ક ગોલ્ડ કોઈનના ગિટ કાર્ડ ખરીદ્યા હતા. વડોદરાના ઇંટોલા અને શેરખી ગામમાં પણ બે અન્ય વ્યક્તિઓ સાથે ઓટીપી વગર અડસઠ હજાર અને પચાસ હજારની છેતરપિંડી થઈહતી. જે અંગે વરણામા પોલીસે તપાસ હાથ ધરી હતી. વિશેષ માહિતી જોઇએ તો ડભોઇની વિશ્રાંતિગ્રીન સોસાયટીમાં રહેતા તરૂણકુમાર મોતીરામ માલીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે હું વડોદરા મારી કાર લઇને સામાનની ખરીદી કરી ઘેર આવ્યા બાદ હું વોટ્સએપ જોતો હતો ત્યારે એક મેસેજ આવ્યો હતો અને મારી કાર પર રૂપિયા ૧૦૦૦નો ટ્રાફિક ચલણ ઇસ્યૂ થયો હોવાના ઉલ્લેખ હતો. આ મેસજેની સાથે સાથે એક લિન્ક હતી અને દંડની રકમ ભરી ક્લિયર કરવા જણાવ્યું હતું. મેં આ લિન્ક ઓપન કરતા એક પેજ આવ્યું હતું બાદમાં મારો ફોન હેક થઇ ગયો હતો અને તેની સાથે જ મારા ત્રણ ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૧.૯૫ લાખ કપાઇ ગયા હતાં. મેં આ અંગે તપાસ કરતા સાયબર ગઠિયાઓએ તનિષ્ક ગોલ્ડ કોઇનના ચાર ગિટ કાર્ડ ખરીદ્યા હતાં.

ફ્રોડના અન્ય બનાવમાં વડોદરા નજીક ઇંટોલામાં રહેતો તેમજ વરણામા ખાતે ન્યુ મકરપુરા



કોર્નકોન રેલવે ગોડાઉનમાં સર્વેયર તરીકે નોકરી કરતો મિથેલેશકુમાર સુરેન્દ્રરાય યાદવ નોકરી પર હતો ત્યારે મોબાઇલમાં એક ઓટીપી આવ્યો હતો. આ ઓટીપી કોઇ સાથે શેર કર્યો ન હોવા છતાં બેન્ક એકાઉન્ટમાંથી .૬૮ હજાર ઉપડી ગયા હોવાનો મેસેજ આવ્યો હતો.

આ ઉપરાંત શેરખી ગામમાં શિવ રેસિડેન્સીમાં રહેતા અને પોર ખાતેની ખાનગી કંપનીમાં નોકરી કરતા અમિતસિંહ હિંમતસિંહ ચૌહાણ ગણપતિ દર્શન માટે ગયા હતા ત્યારે મોબાઇલમાં સતત ઓટીપી આવ્યા હતાં. બાદમાં મારા બેન્ક એકાઉન્ટમાંથી પચાસ હજાર ઉપડી ગયા હતાં. ઉપરોક્ત બંને ફરિયાદો વરણામા પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

ચોથી ઠગાઇ જોઇએ તો સાણંદના રેથલ ગામે આવેલા સુરમ્ય એબોડ ક્લબમાં એક્ઝિક્યુટિવ શેફ તરીકે નોકરી કરતા યુવકને બેંક કર્મચારી તરીકેની ઓળખ આપી, વિડીયો કોલ દ્વારા સ્ક્રિન શેર કરાવીને તેના ક્રેડિટ કાર્ડમાંથી રૂ. ૧.૪૪ લાખની ઓનલાઈન છેતરપિંડી આચરવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો હતો. આ અંગે સાણંદ પોલીસ મથકે અજાણ્યા આઈડી ધારક વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. આ બનાવની વિગત અનુસાર, મૂળ અમદાવાદના વાડજ વિસ્તારના અને હાલ રેથલ ગામની સુરમ્ય એબોડ ક્લબમાં છેલ્લા આઠ વર્ષથી શેફ તરીકે ફરજ બજાવતાં ઓગણચાલીસ વર્ષીય ભરત મહારાની દિન યાદવના મોબાઈલ પર સાંજે વોટ્સએપ વિડીયો કોલ આવ્યો હતો.

ત્યારબાદ કોલ કરનાર યુવતીએ પોતાનું નામ િ-યંકા શર્મા અને પોતે બેંક કર્મચારી હોવાની ઓળખ આપી હતી. તેણે ભરતભાઈને જણાવ્યું હતું કે, તેમના જૂના એચ.ડી.એફ.સી. બેંકના ક્રેડિટ કાર્ડ કરતાં રૂ. ૫ લાખની વધુ લીમિટ ધરાવતા રીગાલિયા ગોલ્ડ કાર્ડની ઓફર ઉપલબ્ધ છે. નવું ક્રેડિટ કાર્ડ મેળવવાની -ોસેસના બહાને યુવતીએ ગૂગલ ક્રોમ ખોલાવી ભરતભાઈના મોબાઈલની સ્ક્રિન શેર કરાવી લીધી હતી. ત્યારબાદ જૂના સક્રિય કાર્ડના રેફરન્સ માટે તેમના ઈન્ડસન્ડ બેંકના ક્રેડિટ કાર્ડના બંને બાજુના ફોટા મંગાવી લીધા હતા. સ્ક્રિન શેરિંગ ચાલુ હોવાથી ઓ.ટી.પી. પણ મેળવીનેઠગબાજે માત્ર ૨૩ મિનિટના?ગાળામાં ટૂંકા સમયમાં જ રૂ.૪૮ હજારના ૩ ટ્રાન્ઝેક્શન કરી કુલ રૂ. ૧.૪૪ લાખની શોપિંગ કરી ઉચાપત કરી લીધી હતી. કાર્ડમાંથી નાણાં કપાયાના મેસેજઆવતાં ભરતભાઈને છેતરપિંડીથઈ હોવાનો અહેસાસ થતાં પોલીસને જાણ કરી હતી.

### વિદેશ જવા ઇચ્છુક યુવાન, વિદેશ પ્રવાસ માટે બૂકીંગ કરાવનારા મિત્રો છેતરાયા

# વિઝાના નામે મિત્રને ૨૦.૪૯ લાખનો ધૂમ્બો

## બીજી ઘટનામાં ચાઇના હોંગકોંગના પ્રવાસના નામે ટૂર ઓપરેટર ખાઇ ગયો છ મિત્રોના સાડા પાંચ લાખઃ ટાસ્કના નામે મોટુ સાયબર ફ્રોડ આચરનારો વિદેશથી આવતાં જ દબોચી લેવાયોઃ ત્રણ વર્ષથી હતો ફરારઃ બે દિવસમાં કર્યા હતાં પાંચ કરોડના ટ્રાન્જેકશન

રાજકોટ, તા. ૨

વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે ઠગાઇના કિસ્સા અવાર નવાર સામે આવતા રહે છે. વધુ આવા બે બનાવ નોંધાયા હતાં. જેમાં એક યુવાનને કેનેડાના વર્ક વીઝા અપાવવાના નામે લેભાગુ શખ્સ ચોવીસ લાખ ઓગણપચાસની રોકડ લઇ રશીયા ભાગી ગયો હતો. આ યુવાનને છેતરનારો કોઇ અજાણ્યો નહોતો પરંતુ તેનો જ મિત્ર હતો. બીજી એક ઠગાઇમાં વિદેશ પ્રવાસના પેકેજના નામે સાડા પાંચ લાખની ઠગાઇ છ મિત્રો સાથે થઇ ગઇ હતી.

પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદના કાંકરિયામાં રહેતા યુવક સાથે કેનેડાના વર્ક વિઝા અપાવવાના બહાને રૂ.૨૦.૪૯ લાખની છેતરપિંડી થઈ છે. શાહીબાગ સ્વામિનારાયણ મંદિરમાં મુલાકાત બાદ મિત્રતા કરીને ઓળખીતા શખ્સે ઠગાઈ કરી છે, જેમાં લાખો રૂપિયા અને યુવકનો ઓરિજનલ પાસપોર્ટ પડાવીને આરોપી રશિયા ભાગી યુવકે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સુત્રોએ કહ્યું કે કાંકરિયામાં રહેતા અને હાર્ડવેરના વેપારી ત્રીસ વર્ષીય અમીત માજીરાણા નામના યુવક દર્શન પીઠવા વચ્ચે શાહીબાગ સ્વામીનારાયણ મંદિર ખાતે મુલાકાત થયા બાદ મિત્રતા થઈ હતી. ત્યારબાદ નવેમ્બર ૨૦૨૨માં ઓગણજ ખાતે પ્રમુખસ્વામી જન્મ શતાબ્દી મહોત્સવમાં બંને મળ્યા ત્યારે દર્શને અમિતને કેનેડાના વર્ક વિઝા અપાવવાની ખાતરી આપી હતી.

ત્યારબાદ આ પ્રક્રિયા શરૂ કરવા માટે દર્શને અમિત પાસેથી ઓરિજનલ પાસપોર્ટ લઈને શરૂઆતમાં રોકડા રૂપિયા ૧૪૮૦૦ લીધા હતા. બાદમાં દર્શને અમિતની પત્ની અને બે દીકરીઓના વિઝા પણ કરાવી આપવાની વાત કરી તેમના પાસપોર્ટ પણ લઈ લીધા હતા. વિઝાની પ્રક્રિયા માટે અમિતે બેન્કથી રૂપિયા ૨૦,૩૪,૨૦૦ આરોપીના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા, જેથી કુલ ચૂકવેલી રકમ રૂપિયા ૨૦,૪૯,૦૦૦ થઈ હતી. આ પછી દર્શને પરિવારના અન્ય સભ્યોના પાસપોર્ટ પાછા આપ્યા હતા પરંતુ અમિતનો ઓરિજનલ પાસપોર્ટ પોતાની પાસે જ રાખ્યો હતો.



વારંવાર ઉઘરાણી કરવા છતાં દર્શને વિઝા કે પૈસા આપ્યા ના હતા અને ડિસેમ્બર ૨૦૨૫માં રશિયાના મોસ્કો ખાતે જતો રહ્યો હતો.દર્શને કેનેડાના વર્ક વિઝાના બહાને કુલ રૂપિયા ૨૦,૪૯,૦૦૦ પડાવી લેતા ભોગ અમિતે પોલીસ ફરિયાદ કરી હતી.

બીજી ઘટનામાં પિપલોદમાં રહેતા રાઘવેન્દ્રસિંહ પુવાર અને તેમના પાંચ મિત્રો ઉત્કર્ષ ગોયેલ, આદિત્ય વર્મા, ધવલ સાવજ, યશપાલ મલિક અને હિમાંશુ પુરોહિત સાથે લાખો રૂપિયાની ઠગાઈ થઈ હતી. તેઓએ ચાઈના અને હોંગકોંગના કેન્ટોન ફેરમાં જવા માટે ઈન્સ્ટાગ્રામ મારફતે ટુર ઓપરેટર અભિષેક જીતેન્દ્રકુમાર ઠક્કરનો સંપર્ક કર્યો હતો. વ્યક્તિદીઠ ૧.૨૯ લાખના ખર્ચ લેખે મિત્રોએ કુલ ૭.૭૫ લાખ રૂપિયા ઓનલાઈન ચૂકવ્યા હતા. પરંતુ અભિષેકે હોટલ બુકિંગના બનાવટી વાઉચર મોકલ્યા હતા. તપાસ કરતા કોઈ બુકિંગ ન હોવાનું ખુલતા મિત્રોએ -વાસ રદ કરી રિફંડ માંગ્યું હતું. ઠગે માત્ર ૨.૨૫ લાખ પરત કર્યા હતા અને બાકીના ૫.૫૦ લાખ ન આપતા આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આમ વધુ બે મોટી ઠગાઇ કહેવાતા એજન્ટો કરી ગયા હતાં.

અન્ય એક કિસ્સામાં સુરત સાયબર ક્રાઈમ સેલને કરોડો રૂપિયાના ઓનલાઈન ટાસ્ક અને બનાવટી ડિજિટલ સિગ્નેચર દ્વારા આચરાયેલી છેતરપિંડીના ૨ ગંભીર ગુનાઓમાં મોટી સફળતા મળી છે. છેલ્લા ૩ વર્ષથી પોલીસને થાપ આપી દુબઈ નાસી ગયેલા મુખ્ય સૂત્રધાર સામે પોલીસે લુક આઉટ સર્ક્યુલર જાહેર કરી હતી. જેવો આ શખ્સ દુબઈથી લાઈટ મારફતે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યો, કે તરત જ સુરત સાયબર ક્રાઈમની ટીમે એરપોર્ટ ઓથોરિટીની મદદથી તેને કોર્ડન કરી દબોચી લીધો હતો.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ સુરતના રાંદેર રોડ, અડાજણ પાટિયા સ્થિત ઝલ એપાર્ટમેન્ટમાં રહેતા ૩૮ વર્ષીય મોહમદ સાહીબ મોહમદ સાદીક તંબુવાલા તરીકે થઈ હતી. જે નોકરીની આડમાં આંતરરાષ્ટ્રીય સાયબર માફિયાઓ સાથે મળીને બેન્ક એકાઉન્ટ્સ અને ડમી કંપનીઓનું મોટું નેટવર્ક ઓપરેટ કરતો હતો. તપાસમાં સામે આવ્યું છે કે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૩માં નોંધાયેલા -થમ ગુનામાં ભેજાબાજોએ એક પૂર્વ આયોજિત ષડયંત્ર રચ્યું હતું. જેમાં ભોગ બનનાર ફરિયાદીને ટેલિગ્રામ બનાવટી લિંક મોકલી રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. શરૂઆતમાં યુ-ટ્યુબ ચેનલો સબસ્ક્રાઈબ કરવાના ટાસ્ક પૂર્ણ કરવા બદલ સારું કમિશન આપવાની લાલચ આપી વિશ્વાસ કેળવ્યો હતો. બાદમાં વધુ ચા વળતરની લાલચ આપી પ્રીપેઈડ ટાસ્કના નામે ફરિયાદી પાસેથી ટુકડે-ટુકડે રૂ. ૩૦,૨૦,૧૩૭ અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આરોપીઓએ શરૂઆતમાં માત્ર રૂ. ૩૦,૪૫૦ કમિશન પેટે પરત ચૂકવ્યા હતા, જ્યારે બાકીના રૂ. ૨૯,૮૯,૬૮૭ હડપ કરી જઈ ઠગાઈ આચરી હતી.

# ચંદનના વૃક્ષોની આડમાં ગાંજાનું વાવેતર ઝડપાયું

## સિત્તેર વર્ષીય નિવૃત્ત એસ.ટી. કર્મચારીએ કર્યું હતું વાવેતરઃ સાધુઓ માટે ઘણા સમયથી ગાંજો વાવતો હોવાનું રટણઃ કુવાડવા રોડ પોલીસે ૪ કિલોથી વધુનો ગાંજો કબ્જે કરી ૨.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

રાજકોટ તા. ૨

શહેરના નવાગામ આણંદપર વિસ્તારમાં આવેલ દિવેલીયાપરા ખાતે સરકારી ખરાબાની જમીનમાં ચંદનના વૃક્ષોની આડમાં ચાલી રહેલા ગાંજાના ગેરકાયદે વાવેતરનો કુવાડવા રોડ પોલીસે પર્દાફાશ કર્યો છે. ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને પોલીસે ૭૦ વર્ષના એક નિવૃત્ત એસ. ટી. કર્મચારીને રૂ. ૨ લાખની કિંમતના ૪ કિલોથી વધુના ગાંજાના લીલા છોડ સાથે ઝડપી પાડ્યો છે.

કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઇ એ. એન. જાનીની રાહબરી હેઠળ પોલીસ ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન એએસઆઇ ખોડુભા જાડેજા અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, નવાગામ આણંદપરના દિવેલીયાપરા સ્મશાન આગળ આવેલ ઇંટોના ભઠ્ઠા પાસે સરકારી ખરાબાની જમીનમાં ફેન્સિંગ કરીને ચંદનના ઝાડ વાવવામાં આવ્યા છે અને તેની આડમાં ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું છે.





બાતમીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર દરોડો પાડ્યો હતો. જ્યાં હાજર વૃદ્ધની પૂછપરછ કરતાં તેમણે પોતાનું નામ રમણીક દેવજીભાઇ દલસાણીયા (ઉં.વ. ૭૦, રહે. શ્યામલકુંજ એપાર્ટમેન્ટ, જીવરાજ પાર્ક, મવડી, મૂળ અરણી, તા. ઉપલેટા) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે ફેન્સિંગ કરેલી ખરાબાની જમીનમાં બારીકાઈથી તપાસ કરતા ચંદનના ઝાડ વચ્ચે વાવેલા ગાંજાના નાના-મોટા ૨૧૩ લીલા છોડ મળી આવ્યા હતા. જેનું કુલ વજન ૪ કિલો ૧૦ ગ્રામ થવા જાય છે અને તેની કિંમત રૂ. ૨ લાખ આંકવામાં આવી છે. પોલીસે ગાંજાના છોડ અને મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૨.૦૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી રમણીક દલસાણીયા એસ.ટી. નિગમનો નિવૃત્ત કર્મચારી છે. તે છેલ્લા ઘણા સમયથી આ જગ્યા પર ગાંજાનું વાવેતર કરતો હતો અને તૈયાર થયેલો ગાંજો અમુક સાધુને આપતો હોવાની કબૂલાત આપી છે. વર્તમાન વાવેતર તેણે થોડા સમય પહેલાં જ કર્યું હોવાનું સામે આવ્યું છે.

આ મામલે પો.ઇન્સ. એ.એન. જાનીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.એમ. સૈયદે આરોપી રમણીક દલસાણીયા સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી, આ સિવાય અન્ય કોણ કોણ આ કારોબારમાં સામેલ છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

### ફેસબૂક સર્ચ કરતી વખતે એચએસબીસી સિક્યુરીટીઝની એડ જોઇ ક્લીક કર્યુ ને બન્યા શિકાર

# નફો લેવા જતાં ૧.૩૩ કરોડનો ચૂનો

## નિવૃત અધિકારીને પહેલા વ્હોટ્સએપ ગ્રુપમાં જોડ્યા, ટીપ્સ આપી પછી શરૂઆતમાં નફો કરાવી બાદમાં રોકડા ઉસેડી એકાઉન્ટ બંધ કરી દીધુંઃ જાગૃત બનો અને આવા ફ્રોડથી બચો

રાજકોટ તા. ૨

ઓનલાઇન શેર બજાર કે પછી યુએસડીટીમાં કે ગોલ્ડની સ્કીમમાં રોકાણ કરવાથી ટુંકા ગાળામાં મોટો નફો મળશે તેવી જાહેરાતો રીલ્સ સોશિયલ મિડીયા માધ્યમો પર વારંવાર જોવા મળતી હોય છે. તમામ આવી રીલ્સ બોગસ જ હોય એવુ નથી. પરંતુ મોટા ભાગે ગઠીયાઓ આ રીતે સોશિયલ મિડીયા માધ્યમનો ઉપયોગ કરી લોકોને શેર બજારમાં રોકાણના નામે છેતરતાં રહે છે. આવી જ એક મોટી ઠગાઇ સામે આવી હતી. જેમાં નેવીના નિવૃત અધિકારી સાથે એક કરોડ તેત્રીસ લાખનું ફ્રોડ થઇ ગયું હતું. ફેસબૂક પર સર્ચ કરતી વખતે તેમણે જાહેરાત જોઇ ક્લીક કર્યુ હતું. આ પછી એક વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરી તેમને સાયબર ગઠીયાઓએ શિકાર બનાવી લીધા હતાં.

વિગતો જોઇએ તો વડોદરા શહેરમાં સાયબર છેતરપિંડીનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના મકરપુરા વિસ્તારમાં રહેતા અને મર્ચન્ટ નેવીમાંથી નિવૃત્ત થયેલા સાંઇઠ વર્ષીય મહેશભાઈ વાસવાણીને શેરબજારમાં ઇન્સ્ટિટ્યૂશનલ સ્ટોક મારફતે ચા નફાની લાલચ આપીને સાયબર ગઠિયાઓએ ૧.૩૩ કરોડનો ચૂનો ચોપડ્યો હતો. ફેસબુકની એક બોગસ જાહેરાતથી શરૂ થયેલી આ છેતરપિંડીની જાળમાં ફસાયેલા વૃદ્ધે જીવનભરની કમાણી ગુમાવવાનો વારો આવ્યો છે. સમગ્ર મામલે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી.

વધુ માહિતી અનુસાર પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, ગત ૩ ઓગસ્ટના રોજ મહેશભાઈ ફેસબુક પર સર્ફિંગ કરી રહ્યા હતા ત્યારે તેમને એચએસબીસી સિક્યુરીટીઝના નામની એક આકર્ષક જાહેરાત જોવા મળી હતી. આ જાહેરાત પર ક્લિક કરતાં જ તેમને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા. આ ગ્રુપમાં ગઠિયાઓએ પોતાની ઓળખ એચએસબીસી ઇન્વેસ્ટમેન્ટ અને સિક્યુરીટીઝ સાથે સંકળાયેલા હોવાનું આપીને શેરબજારની ટિપ્સ આપવાનું શરૂ કર્યું. થોડા દિવસો બાદ વિશ્વાસ કેળવીને તેમને ૭૬૧ વીઆઇપી મહેશ નામના એક ખાસ ગ્રુપમાં જોડીને ઇન્સ્ટિટ્યૂશનલ સ્ટોક




ખરીદવા માટે પ્રેરિત કરવામાં આવ્યા. ત્યારબાદ ઠગોએ શરૂઆતમાં તેમને સ્વસ્તિક ઇન્વેસ્ટમેન્ટ લિમીટેડનો સ્ટોક સૂચવ્યો હતો. પરંતુ તેમાં અપર સર્કિટ હોવાનું કહી ખરીદી ન થઈ શકવાનું બહાનું કાઢ્યું. બાદમાં તેમને ઇન્સ્ટિટ્યૂશનલ એકાઉન્ટ ખોલાવવાની વાત કરી એક બોગસ વેબસાઇટ પર ફોર્મ ભરાવ્યું અને વિશ્વાસ દ્રઢ કરવા એચએસબીસી સિક્યોરિટીઝના નામ અને લોગોવાળું બનાવટી સર્ટિફિકેટ પણ મોકલી આપ્યું હતું.

ત્યારબાદ વેરિફિકેશન અને એ-વલ થઈ ગયાનું જણાવીને તેમને એચબી અલ્ટ્રા નામની બોગસ એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવી હતી. એપમાં મોબાઇલ નંબર, પાસવર્ડ અને આધાર તેમજ પાન કાર્ડ મારફતે વિધિવત રીતે કેવાયસી પણ કરાવાયું હતું. આ પછી બોગસ એપમાં રોકાણના નામે ઠગાઈનો અસલી ખેલ શરૂ થયો. એપના ચેટબોટ મારફતે અલગ-અલગ બેંક ખાતાઓની વિગતો આપવામાં આવતી અને તેમાં નાણાં જમા કરાવવા જણાવાતું હતું. સાત દિવસ સુધીના સમયગાળામાં મહેશભાઈએ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ૫૦ હજારથી લઈને ૫૦ લાખ સુધીની માતબર રકમ ટ્રાન્સફર કરી હતી. કુલ મળીને તેમણે ૧.૩૪ કરોડનું રોકાણ કર્યું હતું. તમામ જમા પુંજી ચૂકવી દીધા બાદ પણ જ્યારે ગઠિયાઓ દ્વારા વધુ પૈસાની માંગણી ચાલુ રહી, ત્યારે મહેશભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ રહી હોવાની ગંભીર શંકા ગઈ.

આ પછી તેમણે તાત્કાલિક ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન પર સંપર્ક કર્યો હતો. સાયબર ઠગોએ તેમની પાસેથી ખંખેરેલા ૧.૩૪ કરોડમાંથી માત્ર ૧.૫૦ લાખ પરત કર્યા હતા, જ્યારે બાકીના ૧.૩૩ કરોડ પરત ન કરીને છેતરપિંડી આચરી હતી. હાલમાં વડોદરા સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધીને બેંક એકાઉન્ટ્સ અને મોબાઇલ નંબરોના આધારે ભેજાબાજ ગઠિયાઓનું પગેરું મેળવવા વધુ તપાસ હાથ ધરી હતી. આમ શેર બજારમાં કમાણી કરાવી આપવાના નામે વધુ એક વખત ગઠીયાઓ એક કરોડથી વધૂનો ચૂનો લગાવી ગયા હતાં. લાલચનું ગાજર દેખાડી આ રીતે દરરોજ કોઇને ને કોઇને લલચાવી આ લેભાગુઓ લાખો કરોડો ઉસેડી રહ્યા છે. આ ઘટના તેનો વધુ એક બોલતો પુરાવો ગણી શકાય તેમ છે.

### ગઠીયાઓ માત્ર ઓનલાઇન જ છેતરે એવુ નથી, રૂબરૂ આવીને ઘા કરી જનારા પણ હોય છે ઘણા

# નફાની લાલચ દઈ વીસ લાખ પડાવ્યા

## ત્રણ ગઠીયાએ નિવૃત સરકારી કર્મચારીને ફસાવવા દેખાવ પુરતી બેકરી ખોલીઃ પછી તાળા મારી અંદરથી ફ્રીઝ, ટીવી પણ ઉસેડતા ગયાઃ બીજી ઘટનામાં ફોન અપડેટનો મેસેજ આવ્યો, અપડેટ કરતાં જ બેંક ખાતામાંથી ગાયબ થઇ ગયા રૂપિયા

રાજકોટ તા. ૨

રોજબરોજ કોઇને કોઇ ગઠીયાઓ લોકોને છેતરી લેવામાં સફળ થઇ રહ્યા છે. દરરોજ સાયબર ક્રાઇમની ઘટનાઓ બની રહી છે. ઓનલાઇનની સાથે સાથે ઓફલાઇન એટલે કે રૂબરૂમાં આવીને ગઠીયાઓ છેતરી જતાં હોવાના કિસ્સા પણ બનતા રહે છે. આ વચ્ચે વધુ એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં બેકરીનો વ્યવસાય શરૂ કરીને ટૂંક સમયમાં મોટો નફો કરાવવાની મોહક લાલચ આપીને એક નિવૃત્ત સરકારી કર્મચારી સાથે વીસ લાખની છેતરપીંડી કરવામાં આવી હતી.

પાટનગરમાં બનેલી આ ઘટના પર નજર કરીએ તો આ અંગે ભોગ બનનાર નિવૃત્ત કર્મચારીની ફરિયાદના આધારે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ત્રણ શખસો સામે ગુનો દાખલ કરાયો હતો. ફરિયાદીના જણાવ્યા અનુસાર, આરોપીઓએ તેમની સાથે મુલાકાત કરીને બેકરીના ધંધામાં ખૂબ જ સારું વળતર અને કમાણી મળશે તેવી મોટી મોટી વાતો કરી હતી. નિવૃત્ત વયે રોકાણ માટે સારું માધ્યમ સમજીને કર્મચારી આરોપીઓની વાતોમાં આવી ગયા હતા અને તેમની પર વિશ્વાસ મૂકી દીધો હતો. આરોપીઓએ શરૂઆતમાં રોકાણના નામે તબક્કાવાર પંદર લાખ રોકડા મેળવ્યા હતા.

વિશ્વાસ જળવાઈ રહે તે માટે આરોપીઓએ ચાર મહિના બાદ મુખ્ય માર્ગ પર આવેલી એક દુકાનમાં માત્ર દેખાડા પૂરતી બેકરી પણ શરૂ કરી દીધી હતી. ત્યારબાદ ધંધાનો વિકાસ કરવા અને વધુ સાધનો ખરીદવાના બહાને આરોપીઓએ વધુ નાણાંની માંગણી કરી હતી. નિવૃત સરકારી કર્મીએ આથી વિશ્વાસ રાખીને બીજા પાંચ લાખ ચેક મારફતે ચૂકવ્યા હતા, આમ આરોપીઓએ કુલ વીસ લાખ રકમ મેળવી લીધી હતી. નિવૃત્ત કર્મચારીએ થોડા સમય બાદ પોતે સ્થળ પર જઈને તપાસ કરતા ચોંકાવનારો ખુલાસો થયો હતો. આરોપીઓએ બેકરીનો ધંધો સાવ બંધ કરી દીધો હતો.

આ પછી ખબર પડી હતી બેકરી ચલાવવા માટે લાવવામાં આવેલા બે મોટા ફ્રિઝ, બે એસી, ઓવન, ઓફિસ ટેબલ, તિજોરી અને અન્ય કિંમતી




સામાન પણ આરોપીઓ રફુચક્કર કરી ગયા હતા. જ્યારે ભોગ બનનારે પોતાના રોકેલા નાણાં અંગે આરોપીઓ પાસે ઉઘરાણી કરી, ત્યારે તેમણે ગોળ-ગોળ અને ઉડાઉ જવાબો આપવાનું શરૂ કર્યું હતું. થોડા દિવસો બાદ ત્રણેય આરોપીઓએ પોતાના ફોન બંધ કરી દીધા હતા અને કર્મચારી સાથેનો તમામ સંપર્ક તોડી નાખ્યો હતો.

ત્યારબાદ પોતે છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનો એહસાસ થતાં નિવૃત્ત કર્મચારીએ તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગેની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી હતી. આમ ગઠીયાઓ ક્યારે કોને કેવી રીતે શિકાર બનાવી જાય તેની કોઇને ખબર હોતી નથી. સાવધાન રહો, સતર્ક રહો, સાવચેત રહો અને ગઠીયાગીરીથી બચતાં રહો. નજર હટશે તો આ પ્રકારના ફ્રોડની દુર્ઘટના ઘટશે. ગઠીયાઓનો આગલો શિકાર કોણ હોઇ શકે તે કહેવું મુશ્કેલ છે.

બીજી ઓનલાઇન ઠગાઇ જોઇએ તો વડોદરાના વાઘોડિયા-ડભોઇ રિંગ રોડ પર રહેતા ૫૨ વર્ષીય નિવૃત્ત અનિલ હેમનાની સાથે સાયબર છેતરપિંડી થઈ છે. મોબાઈલમાં સોટવેર અપડેટનું લખાણ આવતા ફોન હેક થયો અન ગૂગલ પે ખાતામાંથી સાઇસ્તા ડુ સાગીર નામની આઇડી પર ૮૯,૫૨૨ રૂપિયા ઉપડી ગયા. કપૂરાઈ પોલીસે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વાઘોડિયા-ડભોઇ રિંગ રોડ પર રહેતા ૫૨ વર્ષીય નિવૃત્ત અનિલ હેમનાની સાથે મોબાઇલમાં સોટવેર અપડેટનું લખાણ આવ્યા બાદ રૂ.૮૯,૫૨૨ની સાયબર છેતરપિંડી થઈ હતી.

વધુ માહિતી અનુસાર અનિલ હેમનાનીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતુ કે સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં તેમના મોબાઇલ ફોનમાં સોટવેર અપડેટ કરવાનું લખાણ આવ્યું હતું. ત્યારબાદ મોબાઇલ ફોન હેક થઈ ગયો હતો. આ દરમિયાન તેમના ગૂગલ પે ખાતામાંથી 'સાઇસ્તા ડુ સાગીર' નામના યુઝર આઈડી પર ત્રણ વખત નાણાકીય વ્યવહાર કરવામાં આવ્યા હતા. મોબાઇલમાંથી નાણાં ઉપડી ગયાની જાણ થતાં અનિલ હેમનાનીએ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. આ રીતે કુલ રૂ.૮૯,૫૨૨ની છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે. ફરિયાદના આધારે કપૂરાઈ પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી સાયબર છેતરપિંડીના મામલે તપાસ શરૂ કરી હતી.

## જાહેર સલામતી સાથે ચેડાં સામે લડાઈ જારી રહેશે : કોંગી આગેવાન

# ક્રિસ્ટલ નેક્સસને સીલ કરવાનો TPOનો ઓર્ડર ૧૭ મહિનાથી કાગળ પર

### સિવિલ કોર્ટમાં RMCની પોલ ખુલીઃ બિલ્ડરને બચાવવા કોર્પોરેશન ખુદ મેદાનમાં આવ્યું; જાગૃત નાગરિકને 'સ્ટ્રેન્જર' ખપાવી કેસ રફા-દફા કરવાનો મોટો ખેલ?

રાજકોટ, તા. ૨

રાજકોટ શહેરમાં કાયદાકીય નિયમો, ટાઉન પ્લાનિંગના ધોરણો અને જાહેર સલામતીને સંપૂર્ણપણે નેવે મૂકીને ખડકી દેવાયેલા ગેરકાયદેસર બાંધકામો સામે રાજકોટના જાગૃત નાગરિક અને કોંગ્રેસ અગ્રણી સંજયભાઈ લાખાણી દ્વારા ચલાવવામાં આવી રહેલી કાનૂની લડાઈમાં આજે એક અત્યંત ચોંકાવનારો અને ગંભીર વળાંક સામે આવ્યો છે. રાજકોટની સિવિલ કોર્ટમાં 'ક્રિસ્ટલ નેક્સસ' નામના વિવાદાસ્પદ કોમર્શિયલ બિલ્ડિંગ વિરુદ્ધ ચાલી રહેલા કેસમાં હાથ ધરવામાં આવેલી સુનાવણી દરમિયાન બિલ્ડર અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચેની ખુલ્લી મિલીભગત તથા ભ્રષ્ટાચારની પોલ અદાલત સમક્ષ છતી થઈ ગઈ છે.

રાજકોટ શહેરમાં જાહેર સલામતીને જોખમમાં મૂકીને ઊભા કરાયેલા 'ક્રિસ્ટલ નેક્સસ' કોમર્શિયલ બિલ્ડિંગ સામે જ્યારે સંજયભાઈ લાખાણીએ અદાલતના દ્વાર ખટખટાવ્યા, ત્યારે બિલ્ડર દ્વારા પોતાની ગેરકાયદેસરતા છુપાવવા અને સમગ્ર કેસને કાયદાકીય છટકબારીઓ દ્વારા પ્રાથમિક તબક્કે જ ડામી દેવા માટે 'ઓર્ડર ૭ રૂલ ૧૧' મુજબ અરજી દાખલ કરવામાં આવી હતી. કાયદાકીય પ્રક્રિયા મુજબ જ્યારે કોઈ નાગરિક ગેરકાયદેસર બાંધકામ સામે કોર્ટમાં જાય, ત્યારે બિલ્ડર કોર્ટ સમક્ષ એવો પોકળ દાવો રજૂ કરે છે કે તેમનું બાંધકામ તમામ નિયમો મુજબ કાયદેસર છે અને વાદીને આ કેસ કરવાનો કોઈ કાનૂની અધિકાર નથી, માટે આ દાવાને રદ કરી દેવામાં આવે. બિલ્ડરનો મૂળભૂત આશય એ જ હોય છે કે અદાલતમાં કેસની યોગ્ય તપાસ, સાક્ષીઓ અને દસ્તાવેજી પુરાવાઓની પ્રક્રિયા થાય જ નહીં અને સમગ્ર મામલો કાગળ પર જ દબાઈ જાય.

અદાલતી સુનાવણી દરમિયાન બિલ્ડર અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વકીલોએ એકસૂરે એવું હાસ્યાસ્પદ અને ગેરમાર્ગે દોરનારું સ્ટેન્ડ લીધું હતું કે વાદીને આ મિલકત સાથે કોઈ સીધો સંબંધ કે હિત ધરાવતા નથી અને તેઓ માત્ર એક 'સ્ટ્રેન્જર' (અજાણ વ્યક્તિ / ત્રીજી પાર્ટી) છે. આથી 'નો રાઈટ મીન્સ નો રેમેડી' નો સિદ્ધાંત લાગુ પડે છે અને તેમણે અદાલતમાં આવવાનો કોઈ હક નથી.

આ સમગ્ર મામલામાં સૌથી મોટો અને ચોંકાવનારો ઘટસ્ફોટ એ થયો છે કે અગાઉ ટાઉન પ્લાનિંગ ઓફિસર દ્વારા ૧૪ મે ૨૦૨૫ ના રોજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના સિટી ઈજનેરને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હતો કે આ અત્યંત જોખમી અને ગેરકાયદેસર બાંધકામ સામે કડક કાર્યવાહી કરીને તાત્કાલિક ધોરણે બિલ્ડિંગ સીલ કરવામાં આવે. આશ્ચર્યની વાત એ છે કે આટલો સમય વિતી જવા છતાં અદાલતમાં કે કોર્પોરેશનના સત્તાવાર રેકોર્ડ પર બિલ્ડર કે છબઈ ના વકીલ દ્વારા એવો કોઈ જ દસ્તાવેજ, હુકમ કે પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી જે સાબિત કરી શકે કે તા. ૧૪.૦૫.૨૦૨૫ ના આ સીલિંગ ઓર્ડરને ક્યારેય રદ કરવામાં આવ્યો હોય!

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વકીલ દ્વારા અદાલતમાં એવું મૌખિક સબમિશન કરવામાં આવ્યું હતું કે આ વિવાદાસ્પદ બાંધકામને 'લીગલાઈઝ' કરવાની અરજી હાલમાં કોર્પોરેશન સમક્ષ પેન્ડિંગ છે. આ રીતે કોર્પોરેશને પરોક્ષ તથા પ્રત્યક્ષ રીતે બિલ્ડરની અરજી અને તેના સ્ટેન્ડને ખુલ્લું સમર્થન પૂરું પાડ્યું હતું. અહીં એક ખૂબ જ તાર્કિક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જો બિલ્ડરનું બાંધકામ પહેલેથી જ તમામ કાયદા, પ્લાન અને નિયમો મુજબ કાયદેસરનું જ હોત, તો તેને ''લીગલાઈઝ'' કરાવવાની અરજી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કરવાની જરૂર જ શા માટે પડે? આ એક જ વિગત સાબિત કરે છે કે બિલ્ડરનું બાંધકામ ગેરકાયદેસર છે અને તેના આડેધડ ભ્રષ્ટાચારને ઢાંકવા માટે ખુદ પાલિકાનું તંત્ર તેને પીઠબળ પૂરું પાડી રહ્યું છે.

આ સમગ્ર ઘટનાક્રમથી એ બાબત દિવા જેવી સ્પષ્ટ થાય છે કે એક તરફ ૧૪.૦૫.૨૦૨૫ નો ઝડ્ઘ નો સીલિંગ આદેશ આજદિન સુધી કાગળ પર 'લાઈવ' છે, બીજી તરફ બિલ્ડર પોતાના ગેરકાયદેસર બાંધકામને સાચું ઠેરવવા હવાતિયાં મારી રહ્યો છે. આ અંગે વિગતો આપતાં વાદી સંજયભાઈ લાખાણીએ ભારપૂર્વક જણાવ્યુ છે કે આ મામલો કોઈ બે વ્યક્તિઓ વચ્ચેનો અંગત કે વ્યક્તિગત વિવાદ નથી, પરંતુ આ રાજકોટની તમામ જનતાની પબ્લિક સેફ્ટી અને કાયદાના શાસનની મર્યાદાનો અત્યંત ગંભીર પ્રશ્ન છે. કાગળો પર કાયદો અને લાઈવ ઓર્ડર હયાત હોવા છતાં ભ્રષ્ટાચારને છાવરતી આ નિંભર વ્યવસ્થા સામે કાયદાકીય અને જાહેર હિતની આ લડાઈ આગામી દિવસોમાં વધુ ઉગ્ર અને આક્રમક સ્વરૂપે ચાલુ રાખવામાં આવશે.



#### 'ઓર્ડર ૭ રૂલ ૧૧' અને RMCની બેવડી નીતિ

સામાન્ય રીતે જ્યારે કોઈ જાગૃત નાગરિક ગેરકાયદેસર બાંધકામ સામે કોર્ટના દ્વાર ખટખટાવે, ત્યારે બિલ્ડરો 'ઓર્ડર ૭ રૂલ ૧૧' ની અરજી કરી કેસને ટ્રાયલ સુધી પહોંચ્યા વિના જ રદ કરાવવાની કાયદાકીય છટકબારીઓ શોધતા હોય છે. બિલ્ડર અને છબઈ ની દલીલ એવી હતી કે વાદી 'સ્ટ્રેન્જર' છે. પરંતુ સવાલ એ છે કે જ્યારે બિલ્ડિંગ જોખમી હોય અને ૧૪.૦૫.૨૦૨૫ નો ઝડ્ઘ નો સીલિંગ આદેશ હજુ અમલી હોય, ત્યારે જાહેર સલામતી માટે લડતો નાગરિક 'સ્ટ્રેન્જર' કેમ હોઈ શકે? કોર્પોરેશને ખુદ સ્વીકાર્યું કે બાંધકામ 'લીગલાઈઝ' કરવાની અરજી પેન્ડિંગ છે. જો બાંધકામ કાયદેસર જ હોત, તો લીગલાઈઝ કરવાની અરજી જ કેમ કરવી પડી? આ દલીલ જ છબઈ અને બિલ્ડરની ભ્રષ્ટ મિલીભગત ખુલ્લી પાડે છે.

#### લાઈવ સીલિંગ ઓર્ડર દબાવી રાખવા પાછળ કોનું પીઠબળ?

કેસમાં સૌથી વિસ્ફોટક વિગત એ સામે આવી છે કે તા. ૧૪.૦૫.૨૦૨૫ ના રોજ ટાઉન પ્લાનિંગ ઓફિસર દ્વારા આ અનધિકૃત બાંધકામને તાકીદે સીલ કરવાનો સ્પષ્ટ આદેશ સિટી ઈજનેરને આપવામાં આવ્યો હતો. આ આદેશ ક્યારેય રદ થયો જ નથી, એટલે કે કાગળ પર સીલિંગ ઓર્ડર આજદિન સુધી 'લાઈવ' અને અકબંધ છે. છતાં આટલા મહિનાઓથી સિટી ઈજનેર કે છબઈ ના અધિકારીઓએ બિલ્ડિંગ સીલ કેમ ન કર્યું? આદેશને ફાઈલોમાં દબાવી રાખીને સીલિંગ ન કરવું એ અધિકારીઓની સીધી ફોજદારી બેદરકારી દર્શાવે છે. કાગળ પર કાયદો હોવા છતાં ભ્રષ્ટ બિલ્ડરને બચાવવા આખી સિસ્ટમ કામે લાગી ગઈ છે.

## ૦.૪% MDRના વિરોધમાં સૌરાષ્ટ્ર એક થયું : નાના વેપારીઓ પર આર્થિક બોજ

# ગાંધી જયંતિએ 'નો-UPI' અભિયાનથી બજારોમાં ડિજિટલ સન્નાટો



રાજકોટ, તા. ૨

કેન્દ્ર સરકાર દ્વારા યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર પ્રસ્તાવિત ૦.૪ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (ખઉછ) ઝીંકવાના નિર્ણય સામે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના વેપારી આલમમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. આ અન્યાયી નિર્ણયના વિરોધમાં ગાંધી જયંતિના પવિત્ર દિવસે જ તમામ નાના-મોટા વેપારી મંડળો અને એસોસિયેશનો દ્વારા એકસૂરે 'નો-ઞઙઈ' પેમેન્ટ અભિયાનનું એલાન આપીને ડિજિટલ પેમેન્ટનો પૂર્ણપણે બહિષ્કાર કરવામાં આવ્યો હતો.

રાજકોટ શહેરના હૃદયસમા અને મુખ્ય વેપારી મથક ગણાતા લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, ગુંડાવાડી મેઈન રોડ તેમજ ઘી કાંટા રોડ સહિતના તમામ નાના-મોટા બજારોમાં આજે સવારથી જ વેપારીઓએ યુપીઆઈ સ્વીકારવાનું સંપૂર્ણપણે ટાળ્યું હતું. વિરોધને વધુ સજ્જડ અને દ્રશ્યમાન બનાવવા માટે દુકાનદારોએ પોતાના ક્યુઆર કોડ અને યુપીઆઈ સ્કેનરો પર કાળું કપડું ઢાંકી દીધું હતું અથવા ગ્રાહકોની નજરથી દૂર ટેબલ નીચે મૂકી દીધા હતા. દુકાને આવતા દરેક ગ્રાહકને ડિજિટલ ચૂકવણીને બદલે રોકડમાં જ વ્યવહાર કરવા અપીલ કરવામાં આવી હતી. રાજકોટ ઉપરાંત જામનગર, મોરબી અને જૂનાગઢ જેવા શહેરોમાં પણ આ લડતનો વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શનો સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયા હતા, જ્યારે ભાવનગર જેવા અમુક વિસ્તારોમાં આ એલાનની અંશતઃ અસર જોવા મળી હતી.

વેપારી સંગઠનોનું સ્પષ્ટપણે માનવું છે કે ૦.૪ ટકા જેટલો ખઉછ લાગુ થવાથી વેપાર કરવાના સરકારી ખર્ચ અને પ્રત્યક્ષ બોજમાં ધરખમ વધારો થશે. ખાસ કરીને અત્યાર સુધી જે સેવા તદ્દન નિઃશુલ્ક હતી, તેના પર અચાનક ચાર્જ ઝીંકાઈ જતાં નાના અને મધ્યમ વર્ગના દુકાનદારોનો સીધો નફો ધોવાઈ જવાની ભીતિ છે. જામનગર અને અમદાવાદ સહિતના અન્ય મોટા શહેરોના વિવિધ વેપારી સંગઠનોએ આ મુદ્દે સરકારના વલણ સામે ભારે નારાજગી વ્યક્ત કરીને આ પ્રસ્તાવિત કર/ચાર્જને તાત્કાલિક ધોરણે સંપૂર્ણપણે નાબૂદ કરવાની સખત માંગણી દોહરાવી છે.

બીજી તરફ, આ અચાનક શરૂ કરાયેલા બહિષ્કારના કારણે બજારોમાં ખરીદી કરવા નીકળેલા સામાન્ય નાગરિકો અને ખાસ કરીને યુવા વર્ગની સ્થિતિ અત્યંત કફોડી બની હતી. છેલ્લા કેટલાક સમયથી લોકો રોજિંદા વ્યવહારો માટે ડિજિટલ પેમેન્ટ પર જ નિર્ભર રહેવા ટેવાયેલા છે, ત્યારે આજે બજારમાં નીકળેલા યુવાનોને ખિસ્સામાં રોકડ રકમ ન હોવાના કારણે ભારે હાલાકી ભોગવવી પડી હતી. સ્કેનર બંધ હોવાથી ખરીદી અટકી ન પડે તે માટે ગ્રાહકોને નજીકના એટીએમ શોધીને રોકડ નાણાં ઉપાડવાની ફરજ પડી હતી. વેપારીઓએ પણ સ્વીકાર્યું હતું કે આ બહિષ્કારથી ગ્રાહકોને મુશ્કેલી પડી રહી છે, પરંતુ પોતાના અસ્તિત્વ અને ધંધાને બચાવવા માટે આ કડક પગલું ભરવું અનિવાર્ય બન્યું હતું. વેપારી મંડળોએ ચેતવણી આપી છે કે જો સરકાર આ ખઉછ રદ નહીં કરે, તો આવનારા દિવસોમાં આ વિરોધ પ્રદર્શનને વધુ આક્રમક અને વ્યાપક બનાવવામાં આવશે.

# શિક્ષણ સમિતિમાં 'નવા ચહેરા'ની એન્ટ્રીથી જૂના જોગીઓ લાલચોળ

### ભૂતકાળમાં વફાદારોને સાચવવાની પરંપરા નેવે મુકાઈ; સંગઠનમાં અંદરખાને અસંતોષની આગ

રાજકોટ, તા. ૨

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની બિનહરીફ જાહેર થયેલી ચૂંટણીએ રાજકીય ગરમાવો વધારી દીધો છે. મહાપાલિકાની શિક્ષણ સમિતિમાં ભાજપના ૧૧ અને કોંગ્રેસના ૧ સભ્ય વગર મતદાન બિનહરીફ જાહેર થતાં ચૂંટણી પ્રક્રિયા તો આટોપાઈ ગઈ છે, પરંતુ પક્ષોની અંદર ઊઠેલો અસંતોષનો વંટોળ હવે વધુ તીવ્ર બની રહ્યો છે. ફોર્મ ભરવાના આખરી દિવસે કોંગ્રેસમાં આંતરિક કલહ ચરમસીમાએ પહોંચ્યો હતો, તો ભાજપમાં પણ વિવિધ વોર્ડ સ્તરે કાર્યકરો અને સિનિયર નેતાઓમાં ભારે ધૂંધવાટ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને વોર્ડ નંબર ૨ના ભાજપના અધિકૃત ગ્રુપમાં ગઈકાલે કેટલાક સક્રિય કાર્યકરોએ વાયરલ ચેટ મારફતે પોતાની ભડાશ ઠાલવતા સ્થાનિક નેતૃત્વ હરકતમાં આવી ગયું છે. આ ક્ષેત્ર શહેર ભાજપ પ્રમુખ અને સ્થાનિક ધારાસભ્યનો નિવાસ વિસ્તાર હોવાથી અહીં ઊભો થયેલો અસંતોષ પક્ષ માટે મોટો સિરદર્દ બની રહ્યો છે.




શિક્ષણ સમિતિમાં સ્થાન મેળવવા માટે ભાજપમાં શરૂઆતમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો અને આશરે ૩૦૦ જેટલા દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી. તેમાંથી ટૂંકી યાદી બનાવીને પ્રદેશ કક્ષાએ ૩૫ નામો મોકલવામાં આવ્યા હતા. જોકે, આખરે જ્યારે ૧૧ નામો જાહેર કરવામાં આવ્યા ત્યારે ભાજપના એક વિશાળ વર્ગને આંચકો લાગ્યો હતો. પક્ષ દ્વારા અગાઉથી નક્કી કરવામાં આવેલા આકરા માપદંડો અને માર્ગદર્શિકાના કારણે પાયાના અને અનુભવી સિનિયર આગેવાનો આપોઆપ સ્પર્ધામાંથી બહાર થઈ ગયા હતા.

અગાઉ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી વખતે પણ પક્ષે ઉમેદવારો માટે વયમર્યાદા અને ચૂંટણી લડવાની ચોક્કસ તકો સહિતની આકરી ગાઈડલાઈન અમલી બનાવી હતી, જેના કારણે અનેક સિનિયર નેતાઓની ટીકીટો કપાઈ ગઈ હતી. હવે એ જ નીતિ શિક્ષણ સમિતિમાં પણ લાદવામાં આવતાં સિનિયરોમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે. કોર્પોરેશનમાંથી બહાર થયેલા પૂર્વ નગરસેવકો અને સંગઠનના જૂના જોગીઓને આશા હતી કે શિક્ષણ સમિતિમાં તેમને પ્રતિનિધિત્વ આપીને તેમનું સન્માન જાળવવામાં આવશે. પરંતુ પક્ષ દ્વારા જાહેર કરાયેલી નવી એસઓપીના કારણે ડઝન જેટલા પાયાના નેતાઓ સીધા નિવૃત્ત થઈ ગયા હોય તેવી લાગણી અનુભવી રહ્યા છે.

પક્ષના જૂના સંગઠનકર્તાઓ અને રાજકીય વિશ્લેષકોના જણાવ્યા મુજબ ભૂતકાળમાં ભાજપની કાર્યપદ્ધતિ જુદી હતી. ભૂતકાળમાં જે પાયાના કાર્યકરો કે નેતાઓને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટીકીટ આપી શકાતી નહોતી, તેમને શિક્ષણ સમિતિ કે અન્ય સંસ્થાઓના હોદ્દાઓ પર તક આપીને તેમનું સન્માન જાળવવામાં આવતું હતું. તેના ઉદાહરણરૂપે અગાઉ નરેન્દ્રસિંહ ઠાકુરને બે વખત શિક્ષણ સમિતિના ચેરમેન બનાવવામાં આવ્યા હતા. આ સિવાય પક્ષે ગોવિંદભાઈ પટેલ, માવજીભાઈ ડોડિયા અને છેલ્લે વિક્રમભાઈ પુજારા જેવા પાયાના નેતાઓને પણ આ માધ્યમથી તક આપીને પ્રોત્સાહિત કર્યા હતા. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં સિનિયર આગેવાનોને ફરજિયાત રાજકીય નિવૃત્તિનો સ્પષ્ટ સંકેત આપી દેવાયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પક્ષના અંદરખાને ચાલતો આ અસંતોષ હવે ઉચ્ચ મોવડીમંડળ સુધી પહોંચાડવા માટે કેટલાક નિરાશ આગેવાનો અંદરખાને તૈયારી કરી રહ્યાનું જાણવા મળી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, મહાપાલિકાની આ શિક્ષણ સમિતિમાં બિનહરીફ જાહેર થયેલા ભાજપના ૧૧ સભ્યોમાં વિવિધ કેટેગરી અને વોર્ડ મુજબ સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં સામાન્ય બેઠક પર કપિલભાઈ લલિતભાઈ નથવાણી, હર્ષિત પ્રહલાદભાઈ કાવર, યોગરાજસિંહ મોહનસિંહ જાડેજા, કલ્પનાબેન રમેશભાઈ કિયાડા, દ્રુપલબેન (ડોલીબેન) કબીરભાઈ ટાંક, રાઠોડ પિન્ટુભાઈ કિશોરભાઈ, કેયૂર રસીકલાલ મશરૂ અને પ્રવીણભાઈ ચાવડાનો સમાવેશ થાય છે. જ્યારે લાયકાતવાળી અનામત બેઠકો પર વિરેન્દ્રભાઈ હર્ષદભાઈ ભટ્ટ, હરેશભાઈ મૂળજીભાઈ કાનાણી અને ડો. તૃષીબેન ઋષિકેશ શુક્લ બિનહરીફ ચૂંટાયા છે. આ સરકારી ગણિતમાં વોર્ડ નંબર ૩ અને વોર્ડ નંબર ૮માંથી બે-બે સભ્યોને સ્થાન મળતાં અન્ય વોર્ડના કાર્યકરોમાં અન્યાય થયાની લાગણી પણ તીવ્ર બની છે.